આજનો સુવિચાર

લોકો તમારા વખાણ કરે કે ન કરે, પણ ભલાઈનો પક્ષ ન છોડો

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૯૭ જૂનાગઢ તા.૦૬-૦૪-૨૦૨૪ શનિવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 97, Junagadh : Date : 06 April, 2024, Saturiday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

# ઈઝરાયેલ પર ઈરાન હુમલો કરશે : અમેરીકાને પણ ચેતવણી



## ઈરાન - ઈઝરાયેલ યુધ્ધ ફાટી નીકળશે તો ત્રીજા વિશ્વ યુધ્ધનાં ભણકારા : સમગ્ર વિશ્વનાં શ્વાસ અધ્ધર

તહેરાન તા. ૬

ઈઝરાયેલનના ગાઝાક્ષેત્રમાં હમાસ સામેના લશ્કરી પગલાના પગલે મધ્ય પુર્વમાં સર્જાયેલો તનાવ હવે ભડકો બની જવાની તૈયારીમાં છે. હાલમાં જ સિરિયામાં ઈરાનના દૂતાવાસ પર ઈઝરાયેલના મિસાઈલ હુમલા અને તેમાં ઈરાની સૈન્યના ટોચના કમાન્ડર સહિત ૧૩ના મોત બાદ ઈરાને પણ ઈઝરાયેલ પર વળતા હુમલાની તૈયારી કરી લીધી છે અને અમેરિકાને પણ હવે 'વચ્ચે' નહી આપવા ચેતવણી આપી છે.

તો બીજી તરફ ઈઝરાયેલ પણ એલર્ટ થયુ છે તેની એરડિફેન્સ સીસ્ટમને હાઈએલર્ટ પર મુકી છે અને તેમના સૈન્યની તમામ રજાઓ રદ કરવા ઉપરાંત તેની તમામ દૂતાવાસ કચેરીઓને પણ હાલ જાહેર કામગીરી માટે બંધ કરીને હાઈએલર્ટ પર મુકી છે તથા જે તે દેશને પણ આ દૂતાવાસને સુરક્ષા આપવા જણાવ્યું છે.

ઈઝરાયેલના હુમલાથી સમસમી ગયેલા ઈરાને હવે તે ઈઝરાયેલને વળતા જવાબ આપવા જઈ રહ્યું છે તેવો સંકેત આપી દીધો છે તથા ખાસ કરીને અમેરિકાને એક ખાસ લેખીત સંદેશમાં તેની આ ઈઝરાયેલ સામેની કાર્યવાહીમાં 'વચ્ચે' નહી આવવા તાકીદ પણ કરી છે અને નેતાનયાહુની જાળમાં પણ નહી ફસાવાનો અનુરોધ કર્યો હતો.

ઈરાનના રાષ્ટ્રપતિના રાજકીય બાબતોના ડેપ્યુટી ચીફ ઓફ સ્ટાફ મોહમ્મદ જમશીદીએ સોશ્યલ મીડીયામાં એક પોષ્ટ મુકીને ચેતવણીના સ્વરમાં લખ્યું કે, અમેરિકાએ વચ્ચે આવવું જોઈએ નહી જેથી તે પણ હુમલાનો ભોગ બની જાય નહી તે તેણે નિશ્ચિત કરવું પડશે. અમેરિકાએ હજું આ અંગે કોઈ પ્રતિભાવ આપ્યો નથી પરંતુ આ ચેતવણી બાદ અમેરિકા પણ હાઈએલર્ટ પર છે.

ખાસ કરીને ઈઝરાયેલ તથા મધ્યપુર્વમાં તેના મથકો તથા વ્યાપારી હિતોની સુરક્ષા વધારી છે. ઈઝરાયેલના આ હુમલાથી પશ્ચીમી એશિયામાં તનાવ છે અને ઈરાન ચોકકસ જવાબ આપશે તેવો સંદેશો દુનિયાભરને મળી ગયો છે.

# વરિષ્ઠ અધિકારીઓ મોદી સરકાર ૩.૦ની તૈયારીમાં લાગ્યા : એક્શન પ્લાન ઘડાઈ રહયો છે

નવી દિલ્હી, તા.૬: લોકસભાની ચૂંટણી-૨૦૨૪ પહેલા જ ભારત સરકારે તેની આગામી ટર્મ માટે કરવાના કામો તરફ પગલા ભર્યા છે. આ અંતર્ગત અધિકારીઓએ એક્શન પ્લાન તૈયાર કરવાનું શરૂ કરી દીધું છે. જેને ધ્યાનમાં રાખીને, કેન્દ્રીય કેબિનેટ સચિવ દ્વારા તાજેતરમાં એક બેઠક યોજવામાં આવી હતી, જેમાં ડ્રાફ્ટમાં આ મુદ્દા પર ચર્ચા કરવામાં આવી હતી. આ અંતર્ગત ૨૦૩૦ સુધીમાં વરિષ્ઠ નાગરિકોની હિસ્સેદારી સાથે પેન્શન લાભો ૨૨ ટકાથી વધારીને ૫૦ ટકા કરવાનું લક્ષ્ય નક્કી કરવામાં આવ્યું છે ભારતીય જનતા પાર્ટીને વિશ્વાસ છે કે નરેન્દ્ર મોદી સતત ત્રીજી વખત દેશના વડાપ્રધાન બનશે. સરકારી અધિકારીઓ પણ આ બાબતે પૂરેપૂરા આત્મવિશ્વાસ ધરાવે છે. દેશના ટોચના અધિકારીઓ નવી સરકાર માટે એક્શન પ્લાન બનાવવામાં વ્યસ્ત છે. જો પીએમ મોદી ત્રીજી વખત કાર્યભાર સંભાળે છે તો મંત્રાલયોની સંખ્યામાં ઘટાડો થવાની સંભાવના છે. હાલમાં કુલ ૫૪ મંત્રાલયો છે. આ સિવાય આગામી ૬ વર્ષમાં વિદેશમાં ભારતીય મિશનની સંખ્યામાં ૨૦ ટકાનો વધારો થવાની પણ સંભાવના છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં વધુ ખાનગી રોકાણ તેમજ પ્રાધાન્યતા પ્રોજેક્ટ્સ માટે જમીન સંપાદન સરળ બનાવવા માટે મિકેનિઝમ વિકસાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. જયારે મહિલાઓની ભાગીદારી વધારીને ૫૦% કરવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે. હાલમાં તે લગભગ ૩૭ ટકા છે.

# ચૂંટણી દરમ્યાન આતંકવાદી - દાણચોરોની ભારતમાં ઘુસણખોરીની નાપાક યોજના

નવી દિલ્હી તા. ૬

દેશમાં સામાન્ય ચૂંટણી દરમિયાન પાકિસ્તાન, ચીન અને બાંગ્લાદેશ સરહદ સહિત અન્ય સરહદી વિસ્તારોમાંથી આતંકવાદીઓ અને દાણચોરો ભારતમાં ઘૂસણખોરી કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. મળતી માહિતી મુજબ દેશમાં લોકસભાની ચૂંટણીમાં બોર્ડર ફોર્સ સામેલ ન હોવાનો ફાયદો ઉઠાવીને દાણચોરો સોના, ડ્રગ્સ અને અન્ય પ્રકારના માલસામાનની દાણચોરીને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ કરી રહ્યા છે. સાથે જ આતંકવાદી સંગઠનો પણ ઘૂસણખોરીની શોધમાં છે.

ATSએ ભારત-નેપાળ બોર્ડર પરથી મોહમ્મદ અલ્તાફ, મોહમ્મદ સૈયદ અને નાસિર અલી નામના ત્રણ શકમંદોની ધરપકડ કરી હતી. દાવો કરવામાં આવી રહ્યો છે કે તેણે આતંકી સંગઠન હિઝબુલ મુજાહિદીન પાસેથી ટ્રેનિંગ લીધી હતી. ત્રણેય લોકસભા અને નવરાત્રિ દરમિયાન આતંકવાદી ઘટનાઓને અંજામ આપવા માટે નેપાળ થઈને ભારતમાં પ્રવેશતા હતા. દાવો કરવામાં આવી રહ્યો છે કે દરેકને પાકિસ્તાની ગુપ્તચર એજન્સી ISI તરફથી સમર્થન મળી રહ્યું હતું. એ જ રીતે, મંગળવારે મોડી રાત્રે BSFએ બાંગ્લાદેશ સરહદ પર આઠથી દસ દાણચોરોનો સામનો કર્યો હતો. જેમાં તસ્કરોએ બીએસએફ જવાન પર તલવારો વડે હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો. જવાને બચાવમાં ગોળીબાર કર્યો હતો અને શૈફુલ નામનો દાણચોર માર્યો ગયો હતો. એ જ રીતે, બુધવારે મોડી રાત્રે, BSFએ બાંગ્લાદેશ બોર્ડર પર ૧૭૬ વિદેશી લવ બર્ડ્સ અને પોપટને બાંગ્લાદેશ લઈ જવામાં આવતા અટકાવ્યા હતા. આ અરસામાં અંધારા અને ઝાડીઓનો લાભ લઈ તસ્કરો સ્થળ પરથી પલાયન થઈ ગયા હતા.

# ભાજપમાં ભરતી મેળાથી જુના કાર્યકરોમાં ભારે અસંતોષ અને બેચેની

નવી દિલ્હી, તા.૬: લોકસભા ચૂંટણીની આ મોસમમાં લગભગ દરરોજ કોઈને કોઈ પાર્ટી છોડીને ભાજપમાં જોડાઈ રહ્યું છે. દરેક ચૂંટણીની જેમ આ વખતે પણ ચૂંટણી પહેલા ભાજપમાં "ભરતી મેળો" પૂરજોશમાં ચાલી રહ્યો છે. કેટલાક લોકો હમણાં જ જોડાઈ રહ્યા છે અને કેટલાકને ભરતી પછી તરત જ લોકસભાની ચૂંટણીની ટિકિટ પણ મળી રહી છે. ઘણા એવા નામ છે જેમને જોડાવાના અડધા કલાકમાં જ પાર્ટીના ઉમેદવાર બનાવવામાં આવ્યા હતા.

જે રીતે અન્ય પક્ષોના લોકો મોટી સંખ્યામાં ભાજપમાં જોડાઈ રહ્યા છે, શું ભાજપના કાર્યકરો અને લાંબા સમયથી પાર્ટી સાથે જોડાયેલા લોકો અસલામતી અનુભવે છે આ સવાલ પર ભાજપના એક વરિષ્ઠ નેતાએ અનૌપચારિક વાતચીતમાં કહ્યું કે આવો -' દરેક ચૂંટણી દરમિયાન પૂછવામાં આવે છે અને દરેક વખતે હું એક જ જવાબ આપું છું - તેને આ રીતે સમજો... ભાજપ એક ટ્રેન છે. ટ્રેન મુસાફરોથી ભરેલી છે. જ્યારે ટ્રેન સ્ટોપ પર ઉભી રહે છે, ત્યારે અંદરના મુસાફરો વિચારે છે કે બહારથી વધુ લોકો ટ્રેનમાં ચઢવા જોઈએ નહીં, જેથી તેઓ આરામથી મુસાફરી કરી શકે. પરંતુ જ્યારે વધુ મુસાફરો ચઢે છે, ત્યારે જ્યારે ટ્રેન થોડી આગળ વધે છે, ત્યારે દરેક માટે જગ્યા બની જતી હોય છે.

એવો જ પ્રશ્ન પૂછવામાં આવતા ભાજપના અન્ય નેતાએ કહ્યું કે એવું નથી કે બહારથી આવનાર તમામ લોકોને ટિકિટ આપવામાં આવી રહી છે. જ્યાં પાર્ટી મજબૂત સ્થિતિમાં છે ત્યાં પાર્ટીના કાર્યકરોને જ ટિકિટ મળી રહી છે. જ્યાં ભાજપ પાસે જીત અપાવી શકે તેવા ઉમેદવારો નહોતા ત્યાં અન્ય પક્ષોના લોકોને ટિકિટ આપી છે અને હવે તેઓ પણ ભાજપના છે. તેમણે કહ્યું કે કાર્યકર્તાઓ આ વાત સમજે છે અને ટિકિટ માંગનારાઓ પણ જાણે છે કે તેઓ જીતી શકશે કે નહીં ?

# રૂપાલાનાં વિરોધમાં રાજકોટમાં ક્ષત્રીય સમાજની બંધ બારણે બેઠક શરૂ : મીડીયાને નો-એન્ટ્રી

રાજકોટ તા. ૬

રાજકોટ લોકસભા બેઠકનાં ભાજપના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલાના વિવાદાસ્પદ નિવેદન મામલે ક્ષત્રિય સમાજ દ્વારા રાજકોટમાં મહાસંમેલનનું આયોજન કરશે. જેને લઈને આજે ગોંડલ રોડ પર આવેલી હરભમજીરાજ ગરાસિયા બોર્ડિંગ ખાતે રાજપૂત સમાજની કોર કમિટીની બેઠક શરૂ થઈ ગઈ છે. બેઠકમાં કોર કમિટીના ૧૬ સભ્યો હાજર રહ્યા છે. આગામી સમયમાં આગામી સમયમાં કયાં પ્રકારની રણનીતિ ઘડવી તેની ચર્ચા-વિચારણા બેઠકમાં કરવામાં આવી રહી છે. તેમજ સાંજ ૪ વાગ્યે બહુમાળી ભવન ચોક ખાતે રાજપૂતો એકઠા થશે. અહીંથી મોટી સંખ્યામાં કલેક્ટર કચેરી સુધી રેલી યોજી કલેક્ટરને આવેદનપત્ર આપશે. જેમાં બહેનો કેસરી સાડી તો ભાઈઓ કેસરી સાફા પહેરી મહારેલીમાં જોડાશે. આ રેલીની તંત્ર દ્વારા મંજૂરી પણ મળી ગઈ છે.

કોર કમિટીના આઠ જેટલા સભ્યોની સવારે ૧૧ વાગ્યે રાજકોટમાં બેઠક થઈ હતી. જેમાં પુરુષોત્તમ રૂપાલાના ક્ષત્રિય સમાજ અંગેના નિવેદન સામે રાજકોટ સહિત રાજ્યભરમાં કઈ રીતે લડત ચલાવવી તે માટેની રણનીતિ નક્કી કરવામાં આવી હતી. જેમાં ક્ષત્રિય સમાજના રાષ્ટ્રીય અને પ્રદેશ અધ્યક્ષ સહિતના આગેવાનો ઉપસ્થિત રહેશે. બપોરે બેઠક બાદ સાંજે રાજકોટના બહુમાળી ભવન ચોક ખાતે ક્ષત્રિય સમાજના યુવાનો, બહેનો અને વડીલો એકત્ર થશે અને ત્યાંથી કલેક્ટર કચેરી સુધી મહારેલી યોજાશે.

# અયોધ્યાનું રામમંદિર પ્રવાસીઓની પહેલી પસંદ બન્યું

નવી દિલ્હી, તા ૬

યુપીમાં રામ મંદિર પ્રવાસીઓની પહેલી પસંદ બની ગયું છે. પ્રવાસીઓની સંખ્યાના સંદર્ભમાં હવે રામ મંદિરે તાજમહેલને પાછળ છોડી દીધું છે. કમાણીનું પણ કંઈક આવું જ છે. હવે પ્રવાસીઓની પહેલી પસંદ તાજમહેલ નહીં પરંતુ કાશી વિશ્વનાથ અને રામ મંદિર છે. પ્રવાસન વિભાગના આંકડા આ વાતની સાક્ષી પૂરે છે. ગત વર્ષે કાશી બાદ સૌથી વધુ લોકો અયોધ્યા પહોંચ્યા હતા.

મંદિર-મસ્જિદ વિવાદને કારણે વર્ષોથી વિવાદમાં રહેલ અયોધ્યા હવે ધાર્મિક પર્યટનનું હબ બની ગયું છે. રામનગરીના સર્વાંગી વિકાસ માટે ૩૪ હજાર કરોડ રૂપિયાના પ્રોજેકટ આકાર લઈ રહ્યા છે. સુવિધાઓ વધી હોવાથી રામનગરીમાં પ્રવાસન પણ વધ્યું છે.કોરિડોરે કાશીનો અને રામ મંદિરે અયોધ્યાનો ચહેરો બદલી નાખ્યો છે. સ્થાનિક અને વિદેશી પ્રવાસીઓની સંખ્યામાં ઝડપથી વધારો થયો છે. દીપોત્સવ જેવા કાર્યક્રમોએ અયોધ્યાને વૈશ્વિક ઓળખ અપાવી છે. ઘાટનું સુશોભિતીકરણ, રામ કી પૌરીની ભવ્યતા, પ્રાચીન મંદિરોનું સુશોભિતીકરણ, ભક્તિની અનુભૂતિ કરાવતા માર્ગો વગેરે જેવી વિવિધ યોજનાઓ દ્વારા અયોધ્યાની સુંદરતામાં વધારો કરવામાં આવ્યો છે, જેણે ભક્તોને આકર્ષ્યા છે.આ એ જ અયોધ્યા છે, જ્યાં ૨૦૧૯ પહેલા લોકો આવવાથી અચકાતા હતા.

# ભાજપ મક્કમ : રૂપાલા રાજકોટથી જ ચૂંટણી લડશે

રાજકોટ તા. ૬ લોકસભા ચૂંટણીમાં સૌથી વિવાદી બની ગયેલી રાજકોટ લોકસભા બેઠક પર ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલા સામે ક્ષત્રિય સમાજના વિરોધ અને તેમની ઉમેદવારી રદ કરવા રાજયભરમાં આ સમુદાય ભાજપ પર દબાણ અને આંદોલનાત્મક કાર્યક્રમો વચ્ચે પણ રાજકોટ બેઠક પર ભાજપ ઉમેદવાર નહી બદલે તે નિશ્ચિત બની ગયું છે.

ભાજપ મકકમ છે અને તે કોઈ દબાણને તાબે થશે નહી. આ માટે જાહેરમાં 'રાજકોટ મકકમ- રૂપાલા અડીખમ' તેવા પોષ્ટર લગાવીને હવે આ વિવાદ પર પુર્ણવિરામ મુકી દેવામાં આવ્યું છે અને માનવામાં આવે છે કે તા.૧૨ એપ્રિલના રોજ ઉમેદવારી નોંધાવવાનો પ્રારંભ થયા બાદ તા.૧૮ના ગુરૂવારે પરસોતમ રૂપાલા ઉમેદવારી નોંધાવી દેશે તથા આ માટેની પુર્વ તૈયારી પણ શરૂ કરી દેવામાં આવી છે.

# ખંભાળીયામાં સી.આર. પાટીલનાં કાર્યક્રમમાં ક્ષત્રીયોએ કાળા વાવટા ફરકાવ્યા : કાર્યક્રમ સ્થળે ભારે અફરાતફરી

ખંભાળીયા તા. ૬

રાજકોટ બેઠકના ભાજપના ઉમેદવાર પરશોત્તમ રૂપાલાને લઈને વિવાદ સતત વધી રહ્યો છે, ક્ષત્રિય સમાજ રૂપાલાની ટિકીટને રદ કરવાની માંગ પર અડગ છે, ત્યારે આજે દ્વારકાના ખંભાળિયામાં ભાજપના કાર્યક્રમમાં સી.આર. પાટીલના હાજરીમાં કાળા વાવટા ફરકાવવામાં આવ્યા હતા. દ્વારકાના ખંભાળિયામાં ક્ષત્રિયોએ વિરોધ નોંધાવ્યો છે. દ્વારકામાં ભાજપ પ્રદેશ પ્રમુખ સી આર પાટિલની હાજરીમાં યોજાયેલ 'કમલમ'ના લોકાર્પણમાં ક્ષત્રિય સમાજે વિરોધ સાથે કાળા વાવટા ફરકાવી રૂપાલાની ટિકિટ રદ કરોના સૂત્રોચાર કર્યા હતા. આ લખાય રહયું છે ત્યારે પ્રાપ્ત અહેવાલ મુજબ પાટીલનાં કાર્યક્રમ દરમ્યાન ક્ષત્રીયોનાં વિરોધને પગલે કાર્યક્રમ સ્થળે ભારે અફરાતફરી મચી ગઈ હતી અને ખુરશીઓની ફેકાફેકી થઈ હતી. રૂપાલાની ટીકીટ રદ કરવાનાં મામલે ક્ષત્રીયો કોઈપણ સમાધાન કરવાનાં મુડમાં નથી તેવો સંદેશ આપવામાં આવ્યો હતો.



સીઆર પાટીલના કાર્યક્રમમાંરૂપાલાના વિરોધમાં કાળા વાવટા ફરકાવી વિરોધ કરાયો છે. મોટી સંખ્યામાં ક્ષત્રિયોએ કાળી પટ્ટી હાથમાં લઈ 'રૂપાલા હટાવો' નારા લગાવ્યા હતા. ક્ષત્રિય સમાજના વિરોધ વચ્ચે ક્ષત્રિય સમાજના લોકો તેમજ પત્રકારોને પણ ભાજપ જિલ્લા કાર્યાલયનાં લોકાર્પણ કાર્યક્રમમાં પ્રવેશ અપાયો નહોતો.

રાજકોટથી ભાજપ પરશોત્તમ રૂપાલાને બદલવાના મૂડમાં જરા પણ નથી. તો સામે ક્ષત્રિયો પણ પોતાની માગ પર અડગ છે. ખાસ ક્ષત્રિયાણીઓએ તો આ મુદ્દાને એટલો ગંભીરતાથી લઈ લીધો છે કે જ્યાં સુધી રૂપાલાને રાજકોટથી બદલવામાં નહીં આવે ત્યાં સુધી શાંતિથી બેસશે નહીં. કેટલીક રાજપૂત મહિલાઓએ તો જોહર કરવાની પણ ચીમકી આપી છે અને આ જોહર પ્રદેશ ભાજપના કાર્યાલય કમલમ બહાર કરવાની ચીમકી પણ આપી છે

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
MI-GL
બીના ઈલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

પવિત્ર ૨૭માં રોજા નીમિતે વિવિધ નાનખટાઈ તથા બિસકીટ મળશે
નારાયણ બેકરી
સુખનાથ ચોક, જૂનાગઢ

Since 1983
શંખ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો



તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...



# છેલ્લા બે વર્ષથી માળીયા હાટીના પોલીસ સ્ટેશનનાં અપહરણનાં ગુન્હામાં નાસ્તા ફરતા આરોપીને ઝડપી લેતી પોલીસ



જૂનાગઢ, તા.૬

છેલ્લા બે વર્ષથી જૂનાગઢ જીલ્લાના માળીયા હાટીના પોલીસ સ્ટેશનના અપહરણના ગુન્હામાં નાસ્તા ફરતા આરોપીને એલસીબી પોલીસે ઝડપી લીધો છે.

આ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર જૂનાગઢ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક નિલેશ જાજડીયા તથા જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાની સુચના અનો માર્ગદર્શન હેઠળ એલસીબી પોલીસ દ્વારા નાસ્તા ફરતા આરોપીનો ઝડપી લેવા કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ દરમ્યાન ક્રાઈમ બ્રાન્ચ જૂનાગઢના પોલીસ ઈન્સપેકટર જે.જે. પટેલના માર્ગદર્શન હેઠળ ક્રાઈમ બ્રાન્ચના પીએસઆઈ ડી.કે. ઝાલા તથા સ્ટાફના માણસો સતત પ્રયત્નશીલ હોય આ દરમ્યાન ખાનગી રાહે એવી હકીકગત મળેલ કે જૂનાગઢ જીલ્લાના માળીયા હાટીના પોલીસ સ્ટેશન ગુન્હા રજી.નં. ૧૧૨૦૩૦૩૬૨૨૦૧૪૭/૨૦૨૨ આઈપીસી કલમ ૩૬૫, ૧૪૩, ૧૪૭ મુજબના ગુન્હાના કામે છેલ્લા બે વર્ષથી નાસ્તો ફરતો હરેશ દેવરાજ કરમટા ઉ.વ.૨૭ રહે. જૂનાગઢ ગાંધીગ્રામ લીરબાઈપરા વાળો ભુતનાથ ફાટક પાસે ઉભો હોવાની હકીકતના આધારે તપાસ કરતા તેને સ્થળ ઉપરથી ઝડપી લઈ અને વધુ કાર્યવાહી માટે માળીયા હાટીના પોલીસ સ્ટેશનને સુપ્રત કરવામાં આવેલ છે. આ કામગીરી ક્રાઈમ બ્રાન્ચ, જૂનાગઢના પો.ઈન્સ. જે.જે. પટેલ, પો.સ.ઈ. ડી.કે. ઝાલા તથા પો.હેડ.કોન્સ. ઈન્દ્રજીતસિંહ ઝાલા, આઝાદસિંહ સિસોદીયા તથા પરોલ ફર્લો સ્કવોડના પો.કો. દિપકભાઈ બડવા વગેરે દ્વારા કામગીરી કરવામાં આવી છે.

# જૂનાગઢ અને રાજકોટ ખાતે થયેલી મોટર સાયકલ ચોરીના બનાવનો ભેદ ઉકેલાયો : બે મોટર સાયકલ સાથે બાઈક ચોર ઝડપાયો




જૂનાગઢ, તા.૬

જૂનાગઢ એલસીબી પોલીસ દ્વારા વાહન ચોરીના બે ગુન્હાઓનો ભેદ ઉકેલાયો છે અને બે મોટર સાઈકલ સાથે એક શખ્સને ઝડપી લઈ તેના વિરૂધ્ધ કાર્યવાહી કરવામાં આવી છે.

જૂનાગઢ રેન્જના નાયબ પોલીસ મહા નિરક્ષક નિલેશ જાજડીયાની સુચના તથા જીલ્લા પોલીસ વડા હરષદ મહેતાના માર્ગદર્શન હેઠળ ચોરીના બનતા બનાવો તેમજ અનડીટેક ગુન્હાઓના ભેદ ઉકેલવા અને આવા બનાવો બનતા અટકાવવા સુચના કરેલ હોય જે અંતર્ગત જૂનાગઢ ક્રાઈમ બ્રાન્ચના પોલીસ ઈન્સપેકટર જે.જે. પટેલની સુચના અને માર્ગદર્શન હઠેળ એલસીબીની વિવિધ ટીમો દ્વારા વાહન ચેકીંગ કરવામાં આવી રહેલ હતું. આ દરમ્યાન જોષીપુરા રેલ્વે ગરનાળા પાસે વાહન ચેકીંગ દરમ્યાન જોષીપરા તરફથી એક ઈસમ મોટર સાયકલ લઈને આવતા તેને અટકાવી અને મોટર સાયકલના કાગળો માંગતા તેની પાસે કાગળો ન હોવાનું જણાવતા વધુ તપાસ કરતા તેની પાસે મોટર સાયકલના બીલ કે આરસીબુક તથા આરટીઓ લગતા કાગળો રજૂ કરવા જણાવતા આ ઈસમે તેની પાસે કાગળો નથી તેમ જણાવતા ટુટેલ નંબર પ્લેટ અને જેમાં ૧૧ જેજે ૯ લખેલ તેમજ પાછળના ભાગે નંબર પ્લેટ વગરની મોટર સાયકલ રૂા.૨૦,૦૦૦ની કિંમતની શક પડતી મિલ્કત તરીકે કબ્જે કરી અને આ ઈસમની અટક કરવામાં આવેલ. વિશેષમાં આ શખ્સ અક્ષય રમેશભાઈ સોલંકી દેવીપૂજક (ઉ.વ.૨૨) રહે. માળીયા હાટીના વાળાની વધુ પુછપરછ કરતા બે મહીના પહેલા રાજકોટ ખાતેથી ચોરી કરેલ એક મોટર સાયકલ જૂનાગઢ રેલ્વે સ્ટેશનના પાર્કીંગમાં રાખેલ હોવાનું જણાવતા પોલીસે તે મોટર સાયકલ પણ શક પડતી મિલ્કત તરીકે કબ્જે કરેલ છે અને પકડાયેલા શખ્સે જૂનાગઢ રેલ્વે સ્ટેશન પાસે તથા રાજકોટ રેલ્વે સ્ટેશન નજીક સોસાયટીમાંથી ચોરી કરેલ મોટર સાયકલ ચોરીના બનાવનો ભેદ ઉકેલવામાં આવ્યો છે અને પકડાયેલા આરોપી વિરૂધ્ધ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ કામગીરીમાં ક્રાઈમ બ્રાન્ચના પો.ઈન્સ. જે.જે. પટેલ, પો.સ.ઈ. ડી.કે. ઝાલા તથા એએસઆઈ વિક્રમભાઈ ચાવડા, પો.કોન્સ. ભરતભાઈ સોલંકી, પેરોલ ફર્લો સ્કોડના પો.હેડ. કોન્સ. જયદિપભાઈ કનેરીયા તથા પો.કોન્સ. સાહીલભાઈ શમા દ્વારા કામગીરી કરવામાં આવી છે.

# વંથલી પોલીસ સ્ટેશનનાં જુગાર અંગેના કેસમાં નાસ્તા ફરતો આરોપી ઝડપાયો



જૂનાગઢ, તા.૬

વંથલી પોલીસ સ્ટેશનના જુગાર અંગેના કેસમાં નાસ્તા ફરતા આરોપીને કેશોદ ખાતેથી જૂનાગઢ પેરોલ ફર્લો સ્કોડ દ્વારા ઝડપી લેવામાં આવ્યો છે. આ અંગેની પોલીસે આપેલી વિગત અનુસાર ક્રાઈમ બ્રાન્ચ જૂનાગઢના પોલીસ ઈન્સપેકટર જે.જે. પટેલના માર્ગદર્શન અને સુચના મુજબ પીએસઆઈ વાય.પી. હડીયા અને પેરોલ ફર્લો સ્કવોડ અને તેમની ટીમ દ્વારા નાસ્તા ફરતા આરોપીને ઝડપી લેવાની કામગીરી કરવામાં આવી રહી છે. આ દરમ્યાન પેરોલ ફર્લો સ્કવોડના એએસઆઈ ઉમેશભાઈ વેગડા તથા પોલીસ કોન્સ.દિનેશભાઈ છૈયાને હકીકત મળેલ કે વંથલી પોલીસ સ્ટેશન ખાતેના જુગાર અંગેના કેસમાં રાહુલ ઉર્ફે ઘુઘો રાજશીભાઈ ઓડેદરા રહે. કેશોદ વાળો છેલ્લા ૧ વર્ષથી નાસ્તો ફરતો હોય અને આ શખ્સ હાલ તેના રહેણાક મકાને હોય તેવી માહિતીને આધારે પેરોલ ફર્લો સ્કવોડ દ્વારા તપાસ કરતા આ શખ્સ મળી આવ્યો હતો અને તેનો હસ્તગત કરી વધુ કાર્યવાહી માટે વંથલી પોલીસને સોપી દેવામાં આવ્યો હોવાનું જણાવા મળેલ છે.

## ઐતિહાસિક બહાઉદ્દીન કોલેજની મહિલા પ્રાધ્યાપિકાઓનો 'મત' વિશે 'મત'

# લોકશાહીનું મહાપર્વ મહિલાઓના મતદાનથી વધુ શોભનીય અને રૂડું બને છે

## લોકશાહીના મહાપર્વમાં તા.૭મી મે અચૂક મતદાન કરવા માટે મહિલા પ્રોફેસરોની અપીલ



જૂનાગઢ, તા.૬

'મતદાતા' લોકશાહીનો પ્રાણ છે અને લોકશાહી શાસન વ્યવસ્થામાં નાગરિકો કેન્દ્રમાં હોય છે, ત્યારે નાગરિકોને બંધારણદત્ત મળેલ મત અધિકારનો લોકો અચૂક ઉપયોગ કરે ખાસ કરીને મહિલાઓ મતાધિકારના ઉપયોગમાં ઢીલાશ ન રાખે તે જૂનાગઢની ઐતિહાસિક બહાઉદ્દીન કોલેજની મહિલા પ્રધ્યાપકોઓએ વિશેષ અપીલ કરી છે.

બહાઉદ્દીન વિનયન કોલેજમાં મનોવિજ્ઞાન વિષયના પ્રોફેસર ડો. ભાવનાબેન ઠુંમર જણાવે છે કે, સ્ત્રીની ઉપસ્થિત વગર કોઈ પર્વ કે, પ્રસંગ અધુરો ગણાય. તે રીતે મહિલાઓના મતદાન વગર લોકશાહીનું મહાપર્વ અધૂરૂ ગણાય. મહિલાઓના મતદાનથી આ લોકશાહીનું આ મહાપર્વ વધુ શોભનીય અને રૂડું બને છે. મત આપવાનો જેટલો અધિકાર પુરુષોને છે તેટલો જ અધિકાર સ્ત્રીને પણ છે. ત્યારે હકારાત્મક અભિગમ સાથે અચૂક મતદાન થકી યોગ્ય જન પ્રતિનિધિ ચુંટવો જોઈએ. રહું એક મત નહીં આપુ તો શું ફેર પડશે ? તેવો અભિગમ ત્યજી, ઉત્સાહ સાથે મતદાન કરવું જોઈએ. એક-એક મત કિંમતી હોય છે. ત્યારે મહિલાઓ પણ લોકશાહીના આ મહાપર્વમાં શા માટે પાછળ રહે? તેમ જણાવતા અચૂક મતદાન કરવા માટે અનુરોધ કર્યો હતો.

અર્થશાસ્ત્ર વિષયના પ્રોફેસર દિનાબેન લાઠીયા જણાવે છે કે, લોકશાહીની એક આગવી વિશેષતા છે કે, દરેક નાગરિકને પોતાના નેતાની પસંદગી કરવાનો અધિકાર છે. તેઓ કહે છે કે મતાધિકાર કોઈ સક્ષમ અધિકારી, પુરુષ પુરતો મર્યાદિત નથી. સ્ત્રી, દિવ્યાંગ, વૃદ્ધો સહિતનાઓને સમાન રીતે મળેલ છે. ત્યારે સહર્ષ મતદાન કરી લોકશાહીના પર્વમાં સહભાગી બનવું જોઈએ. તેમણે કહ્યું કે, સ્ત્રીઓના સામાજિક દરજ્જાને ઉંચો લઈ જવા માટે મહિલાઓનું મતદાન એ મહત્વનું પાસું છે. પુરૂષોની સરખામણીમાં મહિલાઓનું મતદાનની ટકાવારી ઓછી હોય છે ત્યારે મહિલાઓ જેમ પોતાના ઘરની જવાબદારીને પ્રાથમિકતા આપે છે. તે રીતે મતદાનને પણ પ્રાથમિકતા આપવી જોઈએ. તેમ જણાવતા ડો. દિનાબેન લાઠીયા કહ્યું કે, અવારનવાર આપણા પ્રશ્નો રજુ કરતા હોય છે, ત્યારે તેને વાચા આપવા માટે પણ મત જરૂરી છે. આ સાથે તેમણે કરબદ્ધ રીતે બહેનોને તા. ૭મી - મે અચૂક મતદાન કરવા માટે અપીલ કરી હતી.

# બગસરા ખાતે સમસ્ત ભીમજીયાણી, જીવરાજાની, નાગ્રેચા પરીવાર દ્વારા નવચંડી યજ્ઞનું આયોજન




જૂનાગઢ, તા.૬

ચૈત્રી નવરાત્રી દરમ્યાન અનેક વિવિધ ધાર્મીક કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા હોય છે ત્યારે સમસ્ત ભીમજીયાણી, જીવરાજાની અને નાગ્રેચા પરીવાર તરફથી નવચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવેલ છે. બગસરા મુકામે સુરાપુરા દેવજીબાપા કલ્યાણજીબાપા તથા કુળદેવી શ્રી રાંદલમાતાજીની અસીમ કૃપાથી સમસ્ત ભીમજીયાણી, જીવરાજાની અને નાગ્રેચા પરીવાર દ્વારા સવંત ૨૦૮૦ ચૈત્ર સુદ ૬ને રવિવાર તા.૧૪/૪/૨૦૨૪ના શુભ દિવસે નવચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમ બગસરા ખાતે કુંકાવાવ રોડ ઉપર આવેલ વજુબાપાની વાડી ખાતે યોજવામાં આવશે. તા.૧૪/૪/૨૦૨૪ને રવિવારે સવારે ૭:૩૫ કલાકે હેમાદ્રી, સવારે ૯ કલાકે યજ્ઞની પૂજા, બપોરે ૪ કલાકે યજ્ઞની પૂર્ણાહુતી અને બીડુ હોમવાનો સમય તેમજ સાંજે ૪:૧૫ કલાકે મહાપ્રસાદના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. આ યજ્ઞના કાર્યક્રમમાં સમસ્ત ભીમજીયાણી, જીવરાજાની, નાગ્રેચા પરીવારોએ સહકુટુંબ પધારવા શ્રી રમણીકભાઈ વ્રજલાલ ભીમજીયાણી (મો.નં.૯૪૨૬૮ ૪૫૪૬૧) તથા શ્રી કિશોરભાઈ વ્રજલાલ ભીમજીયાણી (મો.નં.૯૭૨૫૩ ૫૩૬૫૩) દ્વારા ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવેલ છે.

## આજ તા.૬ એપ્રિલ અને કાલ ૭ એપ્રિલના

# રાજકોટમાં ટાટા આઈપીએલ ફેન પાર્કનું રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે એલઈડી સ્ક્રીન ઉપર જીવંત પ્રસારણ થશે

(પંકજ ઝીબા દ્વારા)





રાજકોટ, તા.૬

રાજકોટમાં ફેન પાર્ક માટે મીડિયા કોન્ફરન્સ યોજાઈ હતી અને તેને સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનના પ્રમુખ જયદેવ શાહ અને BCCIના ક્રિકેટ ઓપરેશન્સના મેનેજર અનંત દાતાર દ્વારા સંબોધિત કરવામાં આવી હતી. જયદેવ શાહે જણાવ્યું હતું કે 'ખૂબ જ ખુશીની વાત છે કે ૨૨ મી માર્ચ ૨૦૨૪થી શરૂ થયેલી IPLની ૧૭ મી આવૃત્તિ, ચેન્નાઈ ખાતે ઉદઘાટન સમારોહ અને મેચ, ઉત્તમ પ્રતિસાદ અને દર્શકો છે. અત્યાર સુધી રમાયેલી લગભગ તમામ મેચો સંપૂર્ણ ઉત્તેજના અને ક્રિકેટની ક્રિયા છે. આ સિઝનમાં IPL ફેન પાર્ક લગભગ ૫૦ અલગ-અલગ મહત્વના શહેરોમાં હશે, જે પ્રખર ક્રિકેટ ચાહકોમાં આઈપીએલનો ઉત્સાહ ફેલાવશે. આઈપીએલ ફેન પાર્કએ બીસીસીઆઈ દ્વારા વિવિધ શહેરોમાં આઈપીએલની મહાન ક્રિકેટિંગ પળોને ફેલાવવા માટેની ઉત્તમ અને અસાધારણ પહેલ છે. રાજકોટે અગાઉ ૨૦૧૮ અને ૨૦૨૩માં આઈપીએલ ફેન પાર્કનું આયોજન કર્યું હતું જેમાં મોટી સ્ક્રીન અને અન્ય મનોરંજન પ્રવૃત્તિઓ ઉપર આઈપીએલ મેચોનું લાઈવ સ્ટ્રીમિંગ હતું. આ દરમ્યાન રાજકોટ ખાતેના ફેન પાર્કમાં ક્રિકેટ રસિકોની ભારે ભીડ જોવા મળી હતી. આ વર્ષે ફરી એકવાર ટાટા આઈપીએલ ફેન પાર્ક માટે રાજકોટની પસંદગી થઈ છે. ફેન પાર્ક રાજકોટ ખાતે આજ તા.૬ અને ૭મી એપ્રિલ ૨૦૨૪ના રોજ યોજાશે. આઈપીએલના રોમાંચક વાતાવરણ સાથે 32' X 18' LED સ્કીનની મોટી સ્કીન ઉપર ત્રણ સારી રોમાંચક મેચો બતાવવામાં આવશે.' આ તકે 'જયભાઈ શાહનો હૃદયપૂર્વક આભાર માનું છું. આ સિઝનમાં ફેન પાર્ક રાખવા માટે રાજકોટની પસંદગી કરવા માટે બીસીસીઆઈના સેક્રેટરીનો તેમજ કલેક્ટર કચેરી, પોલીસ વિભાગ અને રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનના તમામ મહાનુભાવો અને અધિકારીઓનો પણ રમતગમતને મૂલ્યવાન સહયોગ આપવા બદલ હૃદયપૂર્વક આભાર માનું છું તેમ શાહે ઉમેર્યું હતું. ટાટા આઈપીએલ ફેન પાર્કમાં કિડ્સ ઝોન, સિનિયર સિટીઝન ઝોન, ગેમ ઝોન, ફૂડ સ્ટોલ વગેરે પણ હશે. ફેન પાર્કમાં પ્રવેશ મફત છે. મ્યુઝિક, મર્ચેન્ડાઈઝ, ફૂડ સ્ટોલ, બેવરેજીસ અને કેટલીક મનોરંજક સક્રિયકરણ સાથે આનંદ અને ઉત્તેજના બમણી થઈ જશે. એવી પણ માહિતી આપવામાં આવી હતી કે લગભગ ૫૦ શહેરોમાં આઈપીએલ ફેન પાર્ક દરમ્યાન અપેક્ષિત મતદાન ૧૦ લાખથી વધુ ક્રિકેટ પ્રેમીઓ હશે.

# જૂનાગઢનાં બિલેશ્વર મહાદેવ મંદિરે ધ્વજારોહણનો કાર્યક્રમ યોજાયો



જૂનાગઢ, તા.૬

તાજેતરમાં જૂનાગઢના ચોબારી રોડ ખાતે આવેલ પ્રસિદ્ધ બિલેશ્વર મહાદેવ ખાતે સુભાષભાઈ પાણીપુરીવાળાના વસવેલીયા પરિવાર દ્વારા ધ્વજારોહણનો કાર્યક્રમ યોજાયો હતો. નિરવભાઈ વસવેલીયા દ્વારા દેવાધિદેવ મહાદેવના મંદિરે, મર્યાદા પુરૂષોત્તમ રામજી મંદિરે તેમજ રામભક્ત હનુમાનજીના મંદિરે ધ્વજાઓ લહેરાવવામાં આવી હતી. હર હર ભોલે, જય શ્રી રામ અને જય હનુમાનના નાદથી મંદિર પરિસર ગુંજી ઉઠયું હતું. કાર્યક્રમના અંતે ભક્તજનોને લાડુ - ગાઠીયાના પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમાજ શ્રેષ્ઠી નટુભાઈ વસવેલીયા, હંસાબેન, વિનુભાઈ, રીટાબેન, મનીષભાઈ, અલ્પાબેન, પંકજભાઈ, પારૂલબેન, સ્વાતિબેન અને ભારતીબેનની તેમજ શૈલેષભાઈ અને નીતાબેનની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

# હજુર બાબા સાવનસિંહજી મહારાજે લાખો લોકોને અધ્યાત્મના રસ્તે વાળ્યા : સંત રાજીન્દરસિંહજી મહારાજ



હજુર બાબા સાવન સિંહજી મહારાજના ૭૬માં બરસી ભંડારાના અવસર ઉપર સાવન કૃપાલ રૂહાની મિશનના અધ્યક્ષ સંત રાજીન્દરસિંહજી મહારાજ એમનો પાવન સંદેશ સમસ્ત માનવજાતિને આપ્યો હતો.

સંત રાજીન્દર સિંહજી મહારાજ આ વિશેષ અવસર ઉપર એમના સંદેશમાં કહ્યું કે,"હજૂર બાબા સાવન સિંહજી મહારાજે એમની દયા અને દિવ્ય-પ્રેમ ના દ્વારા લાખો લોકોના જીવનને રોશન કરી દીધું. એમણે આ અંધકાર ભરી દુનિયામાં પ્રભુની જ્યોતિને ફેલાવી જેથી કે એમનું ધ્યાન રૂહાનીયત તરફ થયું અને એ રુહાન નિયતના રસ્તા ઉપર અગ્રસર થયા. એમણે એ બધા લોકોને પ્રભુના પ્રેમ અને અનુભવ પ્રદાન કર્યું. સંત રાજીન્દર સિંહજી મહારાજ એ પાછલી શતાબ્દીના મહાન સંત દ્વારા દેખાડ્યા ગયા આધ્યાત્મિક માર્ગ અને સમજાવતા કહ્યું કે એમના દ્વારા અપાયા ગયા પ્રેમ અને એકતાનો સંદેશ કોઈ આસ્થા અથવા ધર્મ ના સંબંધિતના થઈ સંપૂર્ણ વિશ્વ માટે હતો. જે લોકો એ એમના દ્વારા આપેલ શિક્ષાઓ ને એમના જીવનમાં ઢાળ્યું, મનુષ્ય જીવનનું વાસ્તવિક ઉદ્દેશ્ય જાણ્યું અને અંતમાં એ બધા એની અંતિમ મંઝીલ એટલે કે પિતા પરમેશ્વર સુધી પહોંચી ગયા. એ ચાહતા હતા કે આપણે આપણા જીવનના મુખ્ય ધ્યેય એટલે કે આપણને જાણવું અને પિતા પરમેશ્વર ને પામવું ને જાણો અને એને પૂરૂ કરવા આગળ વધો. બાબા સાવન સિંહજી મહારાજનો જન્મ ૨૭ જુલાઈ ૧૮૫૮ એ ગ્રામ મહિમાસિંહવાલા, જિલ્લો લુધિયાના, પંજાબમાં થયો હતો. એમના સત્સંગના માધ્યમથી સમજાયા કરતા હતા કે પિતા-પરમેશ્વર ની સંતાન હોવાનો સંબંધે આપણામાંથી દરેક એમને પામી શકે છે જે આપણા મનુષ્ય જીવનનું મુખ્ય ઉદ્દેશ્ય છે.એમણે માનવજાતિના કલ્યાણ હેતુ આધ્યાત્મિક જાગૃતિની ભવિષ્યવાણી કરી હતી કે પશ્ચિમના દેશોમાં રૂહાનીયત બહુ જ તેજીથી વધશે એના પછી પરમ સંત કૃપાલસિંહજી મહારાજ અને સંત દર્શન સિંહજી મહારાજ એ વિશ્વભરમાં અનેક યાત્રા કરીને રૂહાની તાલીમ જન-જન સુધી પહોંચાડી અને આજે પણ એ રૂહાની કાર્ય સાવન કૃપાલ રૂહાની મિશનના અધ્યક્ષ સંત રાજીન્દરસિંહજી મહારાજ દ્વારા આપણા બધાને માર્ગદર્શન આપે છે.સાવન કૃપાલ રૂહાની મિશનના અધ્યક્ષ સંત રાજીન્દરસિંહજી મહારાજ આજે સંપૂર્ણ વિશ્વમાં ધ્યાન અભ્યાસ દ્વારા પ્રેમ, એકતા અને શાંતિના સંદેશ પ્રસારિત કરે છે, જેના ફળ રુપે એમને વિભિન્ન દેશો દ્વારા એમના શાંતિ પુરસ્કારો અને સન્માનની સાથે-સાથે ૫ ડોકટરેટની ઉપાધિઓથી સન્માનિત કરાવાયુ છે. સાવન કૃપાલ રૂહાની મિશન ના સંપૂર્ણ વિશ્વમાં ૩૨૦૦ થી વધારે કેન્દ્ર સ્થાપિત છે તથા મિશનનું સાહિત્ય ૫૫ થી અધિક ભાષામાં પ્રકાશિત થઈ ચૂક્યું છે. આનું મુખ્યાલય વિજયનગર, દિલ્હીમાં છે તથા આંતરરાષ્ટ્રીય મુખ્યાલય નેપરવિલે, અમેરિકામાં સ્થાપિત છે.

# સુત્રાપાડા તાલુકા ગરાસીયા રાજપુત સમાજ દ્વારા રૂપાલાના નિવેદન અંગે મામલતદારને આવેદનપત્ર અપાયું

(ભોળા જાદવ દ્વારા)



લોઢવા, તા.૬

રાજકોટ લોકસભાના ઉમેદવાર અને કેન્દ્રીય મંત્રી પુરૂષોતમ રૂપાલા દ્વારા તાજેતરમાં ક્ષત્રિય સમાજ વિશે કરવામાં આવેલ વાણી વિલાસને લઈને સમગ્ર રાજયમાં રાજપુત સમાજમાં ઉગ્ર રોષ જોવા મળે છે. ત્યારે સુત્રાપાડા તાલુકા ગરાસીયા રાજપુત સમાજ દ્વારા પણ પુરૂષોતમ રૂપાલાના ઉગ્ર વિરોધ માટે સુત્રાપાડા મામલતદારને એક આવેદન આપવામાં આવેલ છે. આવેદનમાં જણાવવામાં આવેલ છે કે હાલમાં લોકસભાના ઉમેદવાર પુરૂષોતમ રૂપાલાને ભાજપ પક્ષ તરફથી ટીકીટ પણ આપવામાં આવી છે તેમના એક કાર્યક્રમમાં તા.૨૩/૩ના રોજ ક્ષત્રિય રાજપુત સમાજને લાંછન લાગે તેવું ભાષણ આપવામાં આવેલ હતું તેથી ક્ષત્રિય રાજપુત સમાજમાં તેના ઘેરા પ્રત્યાઘાતો પડયા છે અને રૂપાલાની ટીકીટ રદ કરવા માંગણીઓ ઉઠી છે. આ માંગણીઓમાં સુત્રાપાડા ગરાસીયા રાજપુત સમાજ પણ આ માંગણી માટે સુત્રાપાડા મામલતદારને આવેદનપત્ર આપવામાં આવેલ છે. સમગ્ર તાલુકામાંથી ગરાસીયા રાજપુત સમાજના ભાઈઓ અને બહેનો મોટી સંખ્યામાં હાજર રહીને મામલતદાર ઓફીસે રેલી અને સુત્રોચ્ચાર કરીને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.

ભીષણ ગરમી વચ્ચે રાહતના સમાચાર

# સાત એપ્રિલ સુધી પૂર્વોત્તર ભારતમાં વરસાદ અને આંધી- તોફાનની આશંકા

## એપ્રિલની શરૂઆતમાં જ અનેક ઠેકાણે મહત્તમ તાપમાન ૪૨ ડિગ્રી સુધી પહોંચી ગયું છે : આટલી ગરમીમાં પણ કેટલાક રાજ્યોમાં વરસાદે માઝા મૂકી છે

નવી દિલ્હી, તા.૬

ઉત્તર ભારત સહિત સમગ્ર દેશના વિવિધ ભાગોમાં ભીષણ ગરમી પડી રહી છે. એપ્રિલની શરૂઆતમાં જ અનેક ઠેકાણે મહત્તમ તાપમાન ૪૨ ડિગ્રી સુધી પહોંચી ગયું છે. જો કે આટલી ગરમીમાં પણ કેટલાક રાજ્યોમાં વરસાદે માઝા મૂકી છે. હવામાન વિભાગે જણાવ્યું છે કે સાત એપ્રિલ સુધી પૂર્વોત્તર ભારતમાં વરસાદ અને આંધી તોફાનની આશંકા છે. બીજી બાજુ અનેક રાજ્યો માટે હીટવેવની આગાહી પણ અપાઈ છે.

હવામાન વિભાગના જણાવ્યાં મુજબ નોર્થ ઈન્ટીરિયર કર્ણાટકમાં હીટવેવની સ્થિતિ જોવા મળી છે. આ ઉપરાંત અરૂણાચલ પ્રદેશ, જમ્મુ અને કાશ્મીર,ર લદાખ, ગિલગિટ, હિમાચલ પ્રદેશમાં પણ છેલ્લા ૨૪ કલાકમાં વરસાદ જોવા મળ્યો. બીજી બાજુ અસમ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, સિક્કિમ જેવા રાજ્યોમાં પણ વરસાદ રેકોર્ડ થયો છે. હવામાન વિભાગની આગાહી છે કે જમ્મુ કાશ્મીર, હિમાચલ પ્રદેશ, લદાખમાં આગામી ત્રણ દિવસ સુધી તથા ઉત્તરાખંડમાં આગામી સાત દિવસ સુધી હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે. આ ઉપરાંત આ રાજ્યોમાં હિમવર્ષા પણ થશે. અન્ય રાજ્યોની વાત કરીએ તો અરુણાચલ પ્રદેશ, અસમ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરામાં આગામી સાત દિવસ સુધી વરસાદ, આંધી તોફાન તથા વીજળીના કડાકા ભડાકા જોવા મળી શકે છે.

ગરમીની વાત કરીએ તો હાલમાં વિદર્ભ, છત્તીસગઢ, મરાઠાવાડા, તેલંગણા, ઈન્ટીરિયર કર્ણાટક, રાયલસીમા, સાઉથ ઈસ્ટ ઉત્તરપ્રદેશ, ઉત્તરી ઈન્ટીરિયર ઓડિશા, મધ્ય મહારાષ્ટ્ર, તટીય આંધ્ર પ્રદેશ, સાઉથ ઈન્ટીરિયર, તમિલનાડુમાં મહત્તમ તાપમાન ૪૦-૪૨ ડિગ્રી સેલ્સિયસ વચ્ચે નોંધાયુ છે.

મણિપુર, ત્રિપુરા, ગુજરાત, પૂર્વ રાજસ્થાન, ઉત્તરી ઈન્ટીરિયર કર્ણાટક, ઓડિશા, વિદર્ભ, સાઉથ વેસ્ટ રાજસ્થાન, સેન્ટ્રલ મધ્ય પ્રદેશ, મધ્ય મહારાષ્ટ્ર, મરાઠાવાડામાં લઘુત્તમ તાપમાન નોર્મલથી ત્રણથી પાંચ ડિગ્રી સેલ્સિયસ વધુ નોંધાયુ છે. પૂર્વ ભારતમાં આગામી ત્રણ દિવસમાં મહત્તમ તાપમાનમાં બેથી ૩ ડિગ્રી સેલ્સિયસ વધારો થવાની શક્યતા છે.

રાજ્ય હવામાન ખાતા દ્વારા આગાહી કરવામાં આવી છે કે આવનારા સમયમાં ગુજરાતમાં તાપમાનમાં વધારો થશે. હવામાન વૈજ્ઞાનિક અભિમન્યુ ચૌહાણે જણાવ્યું કે ચાર દિવસ બાદ તાપમાનમાં ૧થી ૨ ડિગ્રીનો વધારો થઈ શકે છે. કચ્છમાં હળવા વરસાદી છાંટા પડી શકે છે. રાજયના અનેક શહેરોમાં તાપમાન ૪૦ ડિગ્રી સુધી જવાની શક્યતા.

# કોંગ્રેસે લોકસભા ચૂંટણી પહેલાં 'ઘર ઘર ગેરંટી' અભિયાનની શરૂઆત કરી

નવી દિલ્હી, તા.૬

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ લોકસભા ચૂંટણી માટે ઉત્તર-પૂર્વ દિલ્હીથી પાર્ટીએ 'ઘર ઘર ગેરંટી' અભિયાનની શરૂઆત કરી અને દાવો કર્યો કે, લોકોને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની 'ગેરંટી' મળી નથી, પરંતુ તેમની પાર્ટી જે ગેરંટી આપી રહી છે, તેનો તે અમલ કરશે. પાર્ટીનું આ ચૂંટણી અભિયાન પાંચ 'ન્યાય' અને ૨૫ 'ગેરંટી' ઉપર આધારિત છે. આ ઝુંબેશ અંતર્ગત કોંગ્રેસના કાર્યકરો ઘરે-ઘરે પાંચ 'ન્યાય' અને ૨૫ 'ગેરંટી' કાર્ડનું વિતરણ કરશે. પાર્ટીનું લક્ષ્ય આઠ કરોડ પરિવારો સુધી પહોંચવાનું છે. ખડગેએ આ પ્રચારની શરૂઆત ઉત્તર-પૂર્વ દિલ્હી લોકસભા મતવિસ્તારથી કરી છે. આ પ્રસંગે તેમણે કોંગ્રેસના પાંચ 'ન્યાય' અને ૨૫ 'ગેરંટી'નો ઉલ્લેખ કર્યો હતો. કોંગ્રેસ અધ્યક્ષ ખડગેએ કહ્યું, અમારા લોકો ઘરે-ઘરે આ ગેરંટી કાર્ડનું વિતરણ કરશે અને તેઓ લોકોને જણાવશે કે અમારી સરકાર સત્તામાં આવ્યા પછી અમે શું કામ કરીશું. તેમણે કહ્યું, અમે લોકોને ખાતરી આપીએ છીએ કે અમારી સરકાર હંમેશા ગરીબોની સાથે રહેશે અને ગરીબો માટેકામ કરશે. સંયુક્ત પ્રગતિશીલ ગઠબંધન સરકારના સમયની મુખ્ય યોજનાઓ અને કાયદાઓનો ઉલ્લેખ કરતા કોંગ્રેસ અધ્યક્ષે કહ્યું કે, કોંગ્રેસની સરકારથી દેશની જનતાને ફાયદો થયો છે. તેમણે કહ્યું, મોદીજી તેમની ગેરંટી વિશે વાત કરે છે, પરંતુ તેમની ગેરંટી સફળ નથી થઈ. લોકોને તેમની ગેરંટી મળી નથી. તેમણે દર વર્ષે બે કરોડ નોકરીઓની વાત કરી હતી, પરંતુ લોકોને નોકરી મળી નથી. તેઓએ દરેકને ૧૫ લાખ રૂપિયા આપવાનું વચન આપ્યું હતું, પરંતુ આ ગેરંટી પણ પૂરી થઈ નથી. ખડગેએ આરોપ લગાવ્યો કે, મોદી સરકારે ખેડૂતોને આપેલા વચનો પણ પૂરા કર્યા નથી. લોકસભા ચૂંટણી માટે કોંગ્રેસનો ઢંઢેરો પાંચ ન્યાય પર આધારિત હશે. ૧ભાગીદારી ન્યાય', ૨. 'કિસાન ન્યાય', ૩. 'મહિલા ન્યાય', ૪. 'શ્રમ ન્યાય' અને ૫. 'યુવા ન્યાય'. આ પાંચ એપ્રિલેથી રિલીઝ કરવામાં આવશે. પાર્ટીએ 'યુથ જસ્ટિસ' હેઠળ જે પાંચ ગેરંટીની વાત કરી છે તેમાં ૩૦ લાખ સરકારી નોકરીઓ આપવાનું અને એક વર્ષ માટે એપ્રેન્ટિસશિપ પ્રોગ્રામ હેઠળ યુવાનોને ૧ લાખ રૂપિયા આપવાનું વચન આપવામાં આવ્યું છે. પાર્ટીએ 'શેર્ડ જસ્ટિસ' હેઠળ જાતિ આધારિત વસ્તી ગણતરી કરવા અને અનામતની ૫૦ ટકા મર્યાદા દૂર કરવાની 'ગેરંટી' આપી છે. 'કિસાન ન્યાય' હેઠળ, તેમણે લઘુત્તમ ટેકાના ભાવ, લોન માફી કમિશનની રચના અને 'જીએસટી' મુક્ત ખેતીને કાનૂની દરજ્જો આપવાનું પણ વચન આપ્યું છે. 'શ્રમ ન્યાય' હેઠળ, કોંગ્રેસે કામદારોને આરોગ્યનો અધિકાર આપવાનું વચન આપ્યું છે, લઘુત્તમ વેતન ૪૦૦ રૂપિયા પ્રતિ દિવસ અને શહેરી રોજગાર ગેરંટી સુનિશ્ચિત કરી છે. તેમણે 'નારી ન્યાય' હેઠળ 'મહાલક્ષ્મી' ગેરંટી હેઠળ ગરીબ પરિવારોની મહિલાઓને દર વર્ષે ૧ લાખ રૂપિયા આપવા સહિતના ઘણા વચનો આપ્યા છે.

# ખોટ કરતી ૩૩ કંપનીઓએ રૂા.૫૮૨ કરોડના ઈલેક્ટોરલ બોન્ડ દાનમાં આપ્યા હતા અને તે પૈકી ૭૫% નાણાં ભાજપને ગયા હતા

## વિશ્લેષણ દર્શાવે છે કે સત્તાધારી ભાજપને ચૂંટણી બોન્ડ દાન આપનાર ઓછામાં ઓછી ૪૫ કંપનીઓ પાસે ભંડોળના સ્ત્રોતો ઓછા હોવાની શંકા છે



મુંબઈ તા.૬

શાસક પક્ષને દાનમાં ટેક્સ પછી નકારાત્મક અથવા શૂન્યની નજીક નફો ધરાવતી તેત્રીસ કંપનીઓ છે. વિવિધ રાજકીય પક્ષોને ચૂંટણી બોન્ડ દાન આપનાર ઓછામાં ઓછી ૪૫ કંપનીઓના ભંડોળના સ્ત્રોતો અને નાણાકીય બાબતો સંયુક્ત વિશ્લેષણના આધારે શંકાસ્પદ જણાય છે. આ ૪૫ કંપનીઓને ચાર કેટેગરીમાં

(A, B, C અને D) પેટા વિભાજિત કરવામાં આવી છે. તેત્રીસ કંપનીઓએ ઈમ્જમાં રૂા.૫૭૬.૨ કરોડની કુલ રકમનું દાન આપ્યું હતું, જેમાંથી રૂા.૪૩૪.૨ કરોડ (લગભગ ૭૫%) ભાજપ દ્વારા રોકડ કરવામાં આવ્યા હતા. આ કંપનીઓએ ૨૦૧૬-૧૭થી ૨૦૨૨-૨૩ સુધીના સાત વર્ષમાં કુલ કર પછી નકારાત્મક અથવા શૂન્ય નફો કર્યો હતો એટ્લે કે ખોટ કરી હતી. આ ૩૩ કંપનીઓની કુલ ચોખ્ખી ખોટ રૂા.૧ લાખ કરોડથી વધુ હતી. આ ૩૩ કંપનીઓમાંથી ૧૬ (કેટેગરી છ)એ એકંદરે શૂન્ય અથવા નકારાત્મક પ્રત્યક્ષ કર ચૂકવ્યો છે. આ ખોટ કરતી કંપનીઓએ આવા નોંધપાત્ર દાન આપ્યાં છે તે સૂચવે છે કે તેઓ અન્ય કંપનીઓ માટે કામ કરી શકે છે અથવા તેમના નફા અને નુકસાનની ખોટી જાણ કરી છે અને તે મની લોન્ડરિંગની શક્યતાને વધારે છે. છ કંપનીઓએ કુલ રૂા.૬૪૬ કરોડનું દાન આપ્યું હતું, જેમાંથી રૂા.૬૦૧ કરોડ (૯૩%) ભાજપ દ્વારા રોકડ કરવામાં આવ્યા હતા. તેઓને ૨૦૧૬-૧૭થી ૨૦૨૨-૨૩ સુધી કુલ સકારાત્મક ચોખ્ખો નફો હતો, પરંતુ EBs દ્વારા દાનમાં આપવામાં આવેલી રકમ તેમના કુલ ચોખ્ખા નફા કરતાં નોંધપાત્ર રીતે વધી ગઈ હતી. આ કંપનીઓ (શ્રેણી B) અન્ય કંપનીઓ માટે પણ કામ કરી શકે છે અથવા તેમના નફા અને નુકસાનની ખોટી જાણ કરી શકે છે. ત્રણ કંપનીઓએ રૂા.૧૯૩.૮ કરોડની કુલ રકમનું દાન આપ્યું હતું, જેમાંથી રૂા.૨૮.૩ કરોડ (લગભગ ૧૫%) ભાજપ દ્વારા રોકડ કરવામાં આવ્યા હતા. બાકીનામાંથી, કોંગ્રેસને રૂા.૯૧.૬ કરોડ (૪૭%), તૃણમૂલ રૂા.૪૫.૯ કરોડ અને ૨૪%, BRS અને BJD રૂા.૧૦ કરોડ, અને AAP રૂા.૭ કરોડ મળ્યા. આ ત્રણેય કંપનીઓએ સકારાત્મક ચોખ્ખો નફો કર્યો હતો પરંતુ ૨૦૧૬-૧૭થી ૨૦૨૨-૨૩ સુધી કુલ નકારાત્મક પ્રત્યક્ષ કરનો અહેવાલ આપ્યો હતો. આવી કંપનીઓ (કેટેગરી C) કરચોરીમાં સામેલ હોય શકે છે. ત્રણ કંપનીઓ (કેટેગરી D) એ ઈમ્જમાં કુલ રૂા.૧૬.૪ કરોડનું દાન આપ્યું હતું, જેમાંથી રૂા.૪.૯ કરોડ (લગભગ ૩૦%) ભાજપ દ્વારા અને બાકીના કોંગ્રેસ (૫૮%), અકાલી દળ અને JD(U) દ્વારા રોકડ કરવામાં આવ્યા હતા. આ ત્રણેય કંપનીઓ પાસે સમગ્ર સાત વર્ષના સમયગાળા માટે ચૂકવવામાં આવેલા ચોખ્ખા નફા અથવા પ્રત્યક્ષ કરનો કોઈ અહેવાલ નથી જે પ્રશ્ન ઉભા કરે છે કે શું દાતાઓ મની લોન્ડરિંગમાં સામેલ હતી તે શેલ કંપનીઓ હતી. ૩૦ જાન્યુઆરી, ૨૦૧૭ના રોજ નાણા મંત્રાલયના અધિકારીને લખેલા પત્રમાં, આરબીઆઈના ચીફ જનરલ મેનેજરે લખ્યું હતું કે, પારદર્શિતાનો ઉદ્દેશ્ય હેતુ પણ પ્રાપ્ત કરી શકાતો નથી, કારણ કે સાધનના મૂળ ખરીદનારને વાસ્તવિક ફાળો આપનાર હોવો જરૂરી નથી. આ બોન્ડ બેરર બોન્ડ છે અને ડિલિવરી દ્વારા ટ્રાન્સફર કરી શકાય છે. આથી, આખરે અને ખરેખર કોણ રાજકીય પક્ષને બોન્ડમાં ફાળો આપે છે તે જાણી શકાય તેમ નથી. જ્યારે બેરર બોન્ડ ખરીદનાર વ્યક્તિ/એન્ટિટી નો યોર કસ્ટમર (KYC) પેરામીટર્સ મુજબ હશે, દરમ્યાનગીરી કરનાર વ્યક્તિઓ/એન્ટિટીઝની ઓળખ જાણી શકાશે નહીં. આમ, પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA) ૨૦૦૨ના સિદ્ધાંતો અને ભાવના પ્રભાવિત થાય છે. તત્કાલીન મહેસૂલ સચિવ હસમુખ અઢિયાએ જવાબમાં લખ્યું કે: આરબીઆઈ દાતાની ઓળખ ગુપ્ત રાખવા માટે પ્રી-પેઈડ સાધનો રાખવાની સૂચિત પદ્ધતિને સમજી શક્યું નથી અને તે ખાતરી કરે છે કે આ દાન ફક્ત સંપૂર્ણ ટેક્સ ચૂકવેલ નાણાંમાંથી જ આપવામાં આવે છે. આ 45 EB દાતા કંપનીઓના ડેટા મની લોન્ડરિંગ અને કરચોરી અંગે આરબીઆઈની ચિંતાઓને સમર્થન આપે છે.

# ફ્લાઈટમાં વિલંબના કિસ્સામાં મુસાફરો હવે એરપોર્ટના પ્રસ્થાન ગેટ દ્વારા બહાર નીકળી શકશે

નવી દિલ્હી, તા.૬

એવિએશન સિક્યુરિટી વોચડોગ BCASએ નવી માર્ગદર્શિકા જારી કરી છે જે બોર્ડિંગ પછી ફ્લાઈટ ચલાવવામાં લાંબો વિલંબ થાય તો એરપોર્ટના પ્રસ્થાન ગેટ દ્વારા મુસાફરોને વિમાનમાંથી બહાર નીકળવાની મંજૂરી આપશે. બ્યુરો ઓફ સિવિલ એવિએશન સિક્યોરિટી (BCAS)ના તાજેતરના નિર્દેશો ભીડ અને ફ્લાઈટમાં વિલંબની વધતી જતી ઘટનાઓની પૃષ્ઠભૂમિ સામે આવે છે, જેના પરિણામે વિમાનમાં ચઢ્યા પછી મુસાફરો લાંબા કલાકો સુધી વિમાનમા અટવાઈ જાય છે. બીસીએએસના ડાયરેક્ટર જનરલે જણાવ્યું હતું કે એરલાઈન્સ અને એરપોર્ટ ઓપરેટરોને ૩૦ માર્ચે માર્ગદર્શિકા જારી કરવામાં આવી હતી અને હવે તે અમલમાં છે. તેમણે જણાવ્યું હતું કે, માર્ગદર્શિકા મુસાફરો માટે 'ઓછી હેરાનગતિ' સુનિશ્ચિત કરવામાં મદદ કરશે અને તેઓએ બોર્ડિંગ કર્યા પછી લાંબા કલાકો સુધી એરક્રાફ્ટની અંદર બેસી રહેવું પડશે નહીં. બોર્ડિંગ પછી લાંબી ફ્લાઈટ વિલંબ અને અન્ય કટોકટીના કિસ્સામાં, મુસાફરોને સંબંધિત એરપોર્ટના પ્રસ્થાન ગેટ દ્વારા બહાર નીકળવાની મંજૂરી આપવામાં આવશે. હસને કહ્યું કે, 'એરપોર્ટ ઓપરેટરોએ માર્ગદર્શિકાના અમલીકરણ માટે સ્ક્રીનીંગ સહિતની માળખાકીય સુવિધાઓની વ્યવસ્થા કરવી પડશે,' અને તેમણે જણાવ્યું કે મુસાફરોને ઉતારવા અંગેનો નિર્ણય સંબંધિત એરલાઈન્સ અને સુરક્ષા એજન્સીઓ દ્વારા લેવામાં આવશે. તેઓ બીસીએએસના ૩૮મા સ્થાપના દિવસની ઉજવણીના પ્રસંગે બોલતા હતા. ૧૭ જાન્યુઆરીના રોજ, ઈન્ડિગો અને મુંબઈ એરપોર્ટ ઓપરેટર MIAL ઉપર ૧.૮૦ કરોડ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો આ દંડ એરપોર્ટ ટાર્મેક ઉપર મુસાફરોને ખાવાની ઘટના બદલ ફટકારવામાં આવ્યો હતો. ઈન્ડિગો ઉપર ૧.૨૦ કરોડ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે, જ્યારે MIAL ઉપર ૬૦ લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. ઘણા મુસાફરો મુંબઈ એરપોર્ટ ઉપર ઈન્ડિગો એરક્રાફ્ટમાંથી બહાર દોડી આવ્યા હતા, ટાર્મેક ઉપર બેઠા હતા, અને ૧૪ જાન્યુઆરીએ તેમની ડાયવર્ટ કરાયેલી ગોવાદિલ્હી ફ્લાઈટ લાંબા વિલંબ પછી લેન્ડ થતાંની સાથે જ કેટલાક ત્યાં ભોજન લેતા જોવા મળ્યા હતા. સ્થાનિક હવાઈ ટ્રાફિક વધી રહ્યો છે અને દરરોજ લગભગ ૩,૫૦૦ ફ્લાઈટ્સ ટેક-ઓફ થઈ રહી છે. અગાઉ જણાવાયું હતું કે એરપોર્ટ ઉપર ભીડ 'અણગમતી' છે અને એજન્સીએ આ સમસ્યાનો સામનો કરવા માટે શ્રેષ્ઠ ધોરણો અને સાધનો વિકસાવ્યા છે. એવિએશન સિક્યુરિટી વોચડોગ એરપોર્ટ ઉપર મુસાફરોને વધુ સારો અનુભવ સુનિશ્ચિત કરવાના પ્રયાસોના ભાગરૂપે સ્માર્ટ સુરક્ષા લેન પણ મૂકશે. તેમના મતે, આ મહિને બેંગ્લોર એરપોર્ટ ઉપર ફુલ-બોડી સ્કેનર્સ કાર્યરત થવાની સંભાવના છે. યોગ્ય સમયે, આ સ્કેનર્સ ૫૦ લાખથી વધુના વાર્ષિક પેસેન્જર ટ્રાફિક ધરાવતા એરપોર્ટ ઉપર શરૂ કરવામાં આવશે.

# કોરોના દરમ્યાન પતંજલિના દાવાઓ વખતે 'સરકાર શું કરી રહી હતી' : સરકારની આવી અવૈજ્ઞાનિક જાહેરાતોના ચાર ઉદાહરણો

## કોવિડ-૧૯ રોગચાળા દરમ્યાન મોદી સરકારે શું કર્યું હતું તે યાદ કરવાનો આ એક યોગ્ય સમય છે. એ સમયે મોદી સરકારે 'વૈજ્ઞાનિક સ્વભાવ'ને પ્રોત્સાહન આપ્યું ન હતું.



નવી દિલ્હી, તા.૬

સુપ્રીમ કોર્ટે પતંજલિ દ્વારા કોર્ટને આપવામાં આવેલી બાંયધરીનો ભંગ કરીને ભ્રામક તબીબી જાહેરાતોના પ્રકાશન ઉપર પતંજલિની માફી સ્વીકારવાનો ઈન્કાર કર્યો હતો. જ્યારે આ ઘટના બની ત્યારે કંપનીના મેનેજિંગ ડિરેક્ટર આચાર્ય બાલકૃષ્ણ અને તેના સહ-સ્થાપક રામદેવ કોર્ટમાં હાજર હતા. કોર્ટ એલોપેથી પદ્ધતિ ઉપર હુમલો કરતી પતંજલિ દ્વારા જારી કરાયેલી જાહેરાતો સામે ઈન્ડિયન મેડિકલ એસોસિએશન દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી ઉપર સુનાવણી કરી રહી છે. તેની જાહેરાતો માટે કંપનીને ઠપકો આપતા કોર્ટે એ પણ પ્રશ્ન કર્યો હતો કે કેન્દ્ર સરકારે પતંજલિ વિરૂધ્ધ શા માટે કાર્યવાહી કરી નથી અને તે આ સમય દરમ્યાન શું કરી રહી હતી.

ન્યાયમૂર્તિ કોહલીએ કહ્યું કે, અમારે આયુષ મંત્રાલયને પણ પ્રશ્નો પૂછવા છે. તમે પતંજલિને નોટિસ જારી કરી અને તેઓએ જવાબ દાખલ કર્યો અને તે જવાબ અમારી સામે નથી અને અમે આશ્ચર્યમાં છીએ. કોવિડ૨૦૨૨માં આવ્યો હતો અને તમે પોતે કહ્યું હતું કે આ મુખ્ય દવા માટે શ્રેષ્ઠ પૂરક છે. આ વાતનો બિલકુલ પ્રચાર કરવામાં આવ્યો ન હતો. કોવિડ દરમ્યાન કેન્દ્રની પરવાનગી વિના કોઈપણ આગળ વધી શકતું ન હતું અને તમે આને જાહેર કરવા માટે કંઈ કર્યું નથી. તે એક નિર્ણાયક સમયગાળો હતો. આ સમય દરમ્યાન કેન્દ્ર સરકાર શું કરી રહી હતી ? અદાલતે અપેક્ષા રાખી હતી તેનાથી વિપરીત તે તેના પોતાના અવૈજ્ઞાનિક દાવાઓ કરવામાં વ્યસ્ત હતી જેમાં પતંજલિને સીધો ફાયદો થતો હતો. ભારતીય બંધારણ મૂળભૂત ફરજોની સૂચિમાંની કલમ 51 A (h) વૈજ્ઞાનિક સ્વભાવ, માનવતાવાદ અને તપાસ અને સુધારાની ભાવના વિકસાવવા માટે છે.

**૧. કોરોનિલ**

કેન્દ્રીય આરોગ્ય પ્રધાન હર્ષ વર્ધને ૧૯ ફેબ્રુઆરી, ૨૦૨૧ના રોજ રામદેવની પતંજલિ આયુર્વેદ દ્વારા પ્રમોટ કરાયેલ વિવાદાસ્પદ આયુર્વેદિક ગોળી કોરોનિલને પ્રમોટ કરવા માટે એક પ્રેસ કોન્ફરન્સમાં હાજર રહ્યા હતા. કોરોનિલ એ સામાન્ય આયુર્વેદિક જડીબુટ્ટીઓની બનાવટ હતી. જૂન ૨૦૨૦થી, તેને ભારતના COVID-19 મેનેજમેન્ટ પ્રોટોકોલમાં સમાવી લેવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા. રામદેવના ડેપ્યુટી, બાલકૃષ્ણએ તે સમયે દાવો કર્યો હતો કે આ દવા ૩-૧૪ દિવસમાં કોવિડ -૧૯ દર્દીઓને સાજા કરવામાં સક્ષમ છે.

હર્ષ વર્ધન, તેમના કેબિનેટ સાથીદાર નીતિન ગડકરી સાથે બાબા રામદેવ અને પતંજલિના અન્ય પ્રમોટરો સાથે એક પ્રેસ કોન્ફરન્સમાં હાજર હતા, જેમાં કોરોના વાયરસના ક્લિનિકલ ટ્રાયલના ભાગરૂપે, સ્વયંસેવકોને કોરોનિલની અસરકારકતાનું વર્ણન કરતા વૈજ્ઞાનિક પ્રકાશનની જાહેરાત કરવામાં આવી હતી. જનસત્તાએ અહેવાલ આપ્યો હતો કે; "કોરોનિલ પે શક કે બાદલ છટે" તેનો અર્થ એ છે કે, કેન્દ્રીય મંત્રીઓની આ પ્રેસ કોન્ફરન્સ પછી કોરોનિલ ઉપરના શંકાના વાદળો દૂર થઈ ગયા છે. આ પેપરમાં કહેવામાં આવ્યું છે કે કોરોનિલ ઉપર ૯ સંશોધન પત્રો પ્રકાશિત થયા હતા અને ૧૬ આવવાના હતા. ત્યારપછી ધ હિંદુના સંપાદકીયમાં કહેવામાં આવ્યું હતું કે કોરોનિલ એક ખાનગી કંપની દ્વારા ઉત્પાદિત પ્રોડક્ટ છે. ડોક્ટર હર્ષ વર્ધન એક ENT સર્જન છે, તેમને કોઈપણ પ્રકારની દવાઓનો પ્રચાર કરવો સ્પષ્ટપણે પ્રતિબંધિત છે. જોકે ડો.વર્ધને ફંક્શનમાં તેમના સંબોધનમાં સ્પષ્ટપણે કોરોનિલનો ઉલ્લેખ કર્યો ન હતો, પરંતુ જાહેર કાર્યકર્તાઓ જે કરતા જોવા મળે છે તે તેઓ જે બોલે છે તે લોકો ઉપર અસર કરે છે. બાબા રામદેવે સૌપ્રથમ દાવો કર્યો હતો કે તેમના ઉત્પાદનને WHO દ્વારા સમર્થન આપવામાં આવ્યું છે.

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને નામ લીધા વિના કહ્યું હતું કે, WHOએ કોવિડ-૧૯ની સારવાર માટે કોઈપણ પરંપરાગત દવાની અસરકારકતાની સમીક્ષા કરી નથી અથવા પ્રમાણિત કરી નથી. મનીકંટ્રોલે લખ્યું કે પતંજલિએ દાવો કર્યો હતો કે કોરોનિલ COVID-19 માટેની પ્રથમ પુરાવા-આધારિત દવા છે, અને તેનાથી ૧૫૮ દેશોને ફાયદો થશે. WHOના નિવેદન પછી, બાલક્રિશ્નને ટ્વિટ કર્યું કે, અમે મૂંઝવણ ટાળવા માટે સ્પષ્ટ કરવા માંગીએ છીએ કે કોરોનિલને અમારૂં WHO GMP સુસંગત COPP પ્રમાણપત્ર DCGI, ભારત સરકાર દ્વારા જારી કરવામાં આવ્યું છે. તે સ્પષ્ટ છે કે WHO કોઈપણ દવાઓને મંજૂરી અથવા નામંજૂર કરતું નથી. WHO સમગ્ર વિશ્વમાં લોકો માટે વધુ સારા, સ્વસ્થ ભવિષ્યના નિર્માણ માટે કામ કરે છે. તેમના મંત્રીઓ દ્વારા પતંજલિના આ સમર્થનના ચાર વર્ષ પહેલાં, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પતંજલિને સંપૂર્ણ સમર્થન આપ્યું હતું. ૩ મે, ૨૦૧૭ના રોજ, તેમણે હરિદ્વારમાં પતંજલિ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના ઉદ્ઘાટન સમયે કહ્યું કે: "હું માનું છું કે બાલકૃષ્ણજીની આ સાધના, મિશન મોડમાં બાબા રામદેવનું આ સમર્પિત કાર્ય અને આધુનિક શોધ અને વૈજ્ઞાનિક પાયા સાથે ભારતની મહાન તેજસ્વી પરંપરાને આગળ વધારવાનો પ્રયાસ, ભારત માટે પોતાનું સ્થાન બનાવવાનો આધાર બની શકે છે.

વિશ્વમાં કોવિડ દરમ્યાન ભારત એકમાત્ર લોકશાહી દેશ હતો જ્યાં તેના ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ નિયમિત ધોરણે જનતા અથવા મીડિયાના પ્રશ્નોના જવાબ આપવા માટે ઉપલબ્ધ ન હતા. મોદીએ સોશિયલ મીડિયાનો ઉપયોગ કરીને દેશવાસીઓ અને મહિલાઓને તાળીઓ પાડવા, થાળીઓ વગાડવા અથવા મશાલો અને દીવા પ્રગટાવવા વિનંતી કરી હતી.

**૨. થાળી**

૨૨મી માર્ચ ૨૦૨૦ના રોજ મોદીએ દેશને પૂછ્યું કે, સાંજે ૫ વાગ્યે, જનતા કર્ફ્યુના દિવસે, મારી ખાસ વિનંતી છે. શું તમે બધા મદદ કરશો ? તેમણે દેશના બધા લોકોને તાળીઓ પાડવા, થાળીઓ વગાડવા અને એકસાથે ઘંટ વગાડવા માટે આહ્વાન કર્યું હતું. તેમણે લોકોને ચેતવવા માટે સાયરન વગાડવા, અને પછીથી, લોકોને એક કરવા અને તેમને કોરોના સામે લડવા માટે તૈયાર કરવા પોતાના પગલાંને યોગ્ય ઠેરવતા હતા.

**૩. મીણબત્તીઓ**

મોદીએ કોવિડ-૧૯ સામેની લડાઈને ચિહ્નિત કરવા માટે ૫ એપ્રિલ, ૨૦૨૦ના રોજ રાત્રે ૯ વાગ્યે ૯ મિનિટ માટે લોકોને લેમ્પ, ટોર્ચ, મીણબત્તીઓ સાથે તેમના ઘરની બહાર આવવા અથવા સેલ ફોનની ફ્લેશલાઈટનો ઉપયોગ કરવા માટે તેઓને ફરીથી આહ્વાન કર્યું હતું.

**૪. ભાભીજી પાપડઃ "કોરોના સામે લડવામાં મદદ કરે છે"**

તે પછી સંસદીય બાબતો અને ઉદ્યોગો અને જાહેર સાહસોના રાજ્ય પ્રધાન, અર્જુન મેઘવાલ, જે હવે કેન્દ્રીય કાયદા પ્રધાન છે તે માલિક સુનિલ ભણસાલીની પ્રોડક્ટ ભાભીજી પાપડને અભિનંદન આપતા જોવા મળ્યા હતા અને તેમને 'આત્મનિર્ભર ભારત' ને પ્રોત્સાહન આપવા માટે સફળતાની શુભેચ્છા પાઠવતા જોવા મળ્યા હતા. તેમણે મેઘવાલે પાપડનું પેકેટ ઉંચું રાખીને કહ્યું હતું કે, આત્મનિર્ભર ભારત હેઠળ, ભાભીજી બ્રાન્ડ પાપડ જે એન્ટિબોડીઝ વિકસાવવામાં મદદ કરે છે, જે આપણા શરીરમાં જશે અને કોરોના સામે લડવામાં મદદ કરશે. આ બ્રાન્ડને શુભેચ્છાઓ.

# નૃત્ય, સંગીત અને નાટકના આકર્ષક પરફોર્મન્સ સાથે સુરતમાં 'અભિવ્યક્તિ'નું પુનરાગમન

## ટોરેન્ટ ગ્રૂપના UNM ફાઉન્ડેશન દ્વારા સુરતમાં આજે તા.૬ તથા ૭ એપ્રિલના રોજ ''અભિવ્યક્તિ - ધ સિટી આર્ટસ પ્રોજેક્ટ''ની બીજી આવૃત્તિનું આયોજન









(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૬

અભિવ્યક્તિ - ધ સિટી આર્ટસ પ્રોજેક્ટ - ટોરેન્ટ ગ્રુપના મહેતા પરિવાર સંચાલિત UNM ફાઉન્ડેશનની એક આગવી પહેલ છે. ગયા વર્ષે સફળ પ્રદર્શન બાદ, બીજી આવૃત્તિ લઈને નૃત્ય, સંગીત અને નાટકના ધમાકેદાર પ્રદર્શન સાથે સુરતના આંગણે ફરી આવી રહ્યું છે. આ પહેલા સુરતમાં ફેબ્રુઆરી-૨૦૨૩ દરમિયાન 'અભિવ્યક્તિ - ધ સિટી આર્ટસ પ્રોજેક્ટ'ની પ્રથમ આવૃતિ યોજાઈ હતી. જેને મળેલ વ્યાપક પ્રતિસાદ બાદ હવે, અભિવ્યક્તિની બીજી આવૃત્તિનું આગામી ૬ અને ૭ એપ્રિલના રોજ શહેરમાં આયોજન કરવામાં આવશે.

'એવરી સ્ટોરી મેટર્સ'ની થીમ સાથે અભિવ્યક્તિ-સુરત નું બે દિવસીય ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવેલ છે. આ ફેસ્ટિવલમાં નવેમ્બર-ડિસેમ્બર ૨૦૨૩ દરમિયાન અભિવ્યક્તિની અમદાવાદ ખાતે યોજાયેલ પાંચમી આવૃત્તિ દરમ્યાન ભજવાયેલાં અને વખણાયેલ પ્રદર્શનો રજુ કરવામાં આવશે.

ફેસ્ટિવલના પ્રથમ દિવસે એટલે કે ૬ એપ્રિલના રોજ વૈશાલી ગોહિલની સંગીતમય રજુઆત ''સપ્તપદી ની ફટાણાબાજી'' રજુ કરવામાં આવશે, સાથે જ બીજી રજુઆતમાં શ્રદ્ધા, પંખી અને પરી બ્રહ્મભટ્ટની ત્રિપુટી દ્વારા ''હસલી'' નામનું નૃત્ય રજુ કરવામાં આવશે. બીજા દિવસે, એટલે કે ૭ એપ્રિલના રોજ સુમંત-આલાપની જોડી દ્વારા ''અદ્વૈતમ'' ટાઈટલ વાળું સંગીતમય પ્રદર્શન રજુ કરવામાં આવશે, ત્યારબાદ રવિ ઉઘરેજીયા દ્વારા ''બાપુજીની છેલ્લી ઈચ્છા'' નાટ્ય પ્રદર્શન રજૂ કરવામાં આવશે. તમામ પ્રદર્શન'SCET એમ્ફીથિયેટર, સાર્વજનિક યુનિવર્સિટી કેમ્પસ, સુરત' ખાતે યોજાશે અને તમામ લોકો માટે પ્રવેશ ખુલ્લો રહેશે. પ્રત્યેક પરફોર્મન્સ જાણીતા આર્ટ ક્યૂરેટર્સ દ્વારા ક્યુરેટ કરવામાં આવ્યા છે, જેમાં સંગીત માટે ભાર્ગવ પુરોહિત, નાટક માટે ચિરાગ મોદી અને નૃત્ય માટે જૈમિલ જોષી અને સહાયક ક્યુરેટર તરીકે કથંકી રાવલ શેઠનો સમાવેશ થાય છે. કળા ક્ષેત્રના જાણીતા મેન્ટર્સ જેવાં કે દક્ષા શેઠ (નૃત્ય), રજત ધોળકિયા (સંગીત) અને સૌમ્યા જોશી (નાટક) નું માર્ગદર્શન આ પ્રત્યેક પર્ફોર્મન્સીસ ને પ્રાપ્ત થયું છે.

'અભિવ્યક્તિ - ધ સિટી આર્ટ્સ પ્રોજેક્ટ'નો પ્રારંભ વર્ષ ૨૦૧૮ માં અમદાવાદથી થયો હતો. UNM ફાઉન્ડેશનની પહેલ એવા આ પ્રોજેક્ટમાં અત્યાર સુધી દેશભરમાંથી ૩૩૦ થી વધુ કલાકારો પોતાની ભાગીદારી નોંધાવી ચુક્યા છે અને દર વર્ષે 'અભિવ્યક્તિ'ના મંચે નામના અને દર્શકોની પ્રશંસા મેળવી છે. UNM ફાઉન્ડેશન દ્વારા અમદાવાદ ઉપરાંત સુરત (ફેબ્રુઆરી ૨૦૨૩), વડોદરા (સપ્ટેમ્બર,૨૦૨૩ અને ફેબ્રુઆરી, ૨૦૨૪) અને રાજકોટ (માર્ચ, ૨૦૨૪)માં બે દિવસીય કાર્યક્રમોનું પણ આયોજન કર્યું હતું. અભિવ્યક્તિની તમામ આવૃત્તિમાં કુલ મળીને અત્યાર સુધી ૨.૮ લાખથી વધુ દર્શકો વિવિધ પ્રદર્શનોનો આનંદ માણી ચુક્યા છે.

આ નવીન આવૃત્તિમાં સુરતના આંગણે અભિવ્યક્તિના મંચ ઉપર EveryStoryMatters શિર્ષક હેઠળ વાર્તાઓને જીવંત કરવા પ્રયત્ન કરવામાં આવશે. આ માનવ વાર્તાઓની વિશાળ ટેપેસ્ટ્રીમાં એકરૂપ થતા વિવિધ અવાજો અને પરિપ્રેક્ષ્યોને સપાટી ઉપર લાવશે. ફેસ્ટિવલમાં પ્રેક્ષકોની એન્ટ્રી વહેલા તે પહેલાના ધોરણે તમામ લોકો માટે નિઃશુલ્ક રહેશે. ફેસ્ટિવલનો વિસ્તૃત કાર્યક્રમ નીચે મુજબ છે.

### કલાકારોનો પરિચય અને તેમના પ્રદર્શન

વૈશાલી ગોહિલનું પ્રદર્શન ''સપ્તપદી ની ફટાણાબાજી'' (૬ એપ્રિલ સાંજે ૭.૧૫ કલાકે): વૈશાલી ગોહિલે વર્ષ ૨૦૦૮થી લગ્ન ગીતની પોતાની સફર શરૂ કરી હતી. આધુનિકતા સાથે પરંપરાનું એકીકૃત મિશ્રણ એવા તેમના પ્રદર્શન ફટાણા (લગ્ન ગીતોનું ફોર્મેટ)નું ક્યુરેટેડ કલેક્શન રજુ કરશે, જેમાં કાલાતીત ક્લાસિક અને આધુનિક પ્રસ્તુતિઓ બંનેનો સમાવેશ થાય છે. તેમનો ઉદ્દેશ્ય પરંપરાગત ભારતીય લગ્નોના જીવંત સારને જાળવી રાખવાનો અને પ્રસારિત કરવાનો છે. સાથે જ તેઓ નવી પેઢીને સાંસ્કૃતિક સમૃદ્ધિ સાથે ઓળખાણ કરાવી તેને પ્રોત્સાહન આપવાનો છે. જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની હાજરીમાં યોજાયેલ ૫૫૧ નવ યુગલોનાં સમુહ કાર્યક્રમને ગિનિસ બુક વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મળ્યુ હતું, ત્યારે આ કાર્યક્રમમાં વૈશાલી અને તેમની ટીમે તેમના મધુર ગીતો દ્વારા આ ઐતિહાસિક ક્ષણનો આનંદ બેવડી નાંખ્યો હતો.

શ્રદ્ધા, પંખી અને પરીનું પ્રદર્શન ''હસલી'' – (૬ એપ્રિલે રાત્રે ૯.૦૦ કલાકે) : શ્રદ્ધા બ્રહ્મભટ્ટ કથક નૃત્ય પર આધારીત પોતાના પ્રદર્શન ''હસલી'' દ્વારા જાતીય અત્યાચારથી પીડિતોના આંતરિક સંઘર્ષનું ચિત્રણ કરશે. શ્રદ્ધા અને તેમની બે પુત્રીઓ પંખી અને પરી કે જેઓ પણ કથક નૃત્યાંગનાઓ છે તેઓ પોતાની અસરકારક રજુઆત દ્વારા જાતીય સતામણીના કેસમાં મૌન તોડવાના મહત્વ પર ભાર મુકે છે. તેઓ પોતાની રજુઆતમાં જાતિય શોષણથી બચી ગયેલી વ્યક્તિઓની આંતરિક અશાંતિનું ચિત્રણ કરવાનો પણ પ્રયત્ન કરે છે. જિગ્નેશ બ્રહ્મભટ્ટની વર્ષ ૧૯૯૪ માં રજુ થયેલ ગુજરાતી કવિતાથી પ્રેરિત આ રજુઆતને અસરકારક બનાવવા માટે તેઓ સમકાલીન અને શાસ્ત્રીય કથક નૃત્યના અદ્ભુત સંગમને રજુ કરે છે.

સુમંત-આલાપનું પ્રદર્શન ''અદ્વૈતમ''– (૭ એપ્રિલ સાંજે ૭.૧૫ કલાકે): સંગીતકાર જોડી સુમંત-આલાપ પોતાના પ્રદર્શન ''અદ્વૈતમ'' શોમાં વિશ્વના વિવિધ સંગીત સ્વરૂપોનું મનમોહક ફ્યુઝન રજૂ કરશે. વર્લ્ડ મ્યુઝિક ફોર્મ્સનું આ મનમોહક ફ્યુઝન બિન-દ્વૈતતાના સિદ્ધાંતને અભિવ્યક્ત કરવાનો પ્રયત્ન કરશે, તેઓ સંગીતને સામાજિક એક્તાનું માધ્યમ બનાવી પોતાના મનમોહક સાઉન્ડ એન્જિનિયરિંગ દ્વારા ભારતીય, આફ્રિકન, લેટિન અને બોસા નોવા સહિતની વિવિધ વિશ્વ સંગીત શૈલીઓની મદદથી સુખ, ઉદાસી, ભય અને ગુસ્સો એમ તમામ પ્રકારની લાગણીઓની શ્રેણી કુશળતાપૂર્વક વ્યક્ત કરે છે. કે. સુમંત એક બહુમુખી પિયાનોવાદક છે, જ્યારે આલાપ કિકાણી ભારતીય શાસ્ત્રીય સંગીત અને સાઉન્ડ એન્જિનિયરિંગની પૃષ્ઠભૂમિ સાથે કમ્પ્યુટર એન્જિનિયર છે.

રવિ ઉઘરેજિયાનું પ્રદર્શન ''બાપુજી ની છેલ્લી ઈચ્છા'' – (૭ એપ્રિલે રાત્રે ૯.૦૦ કલાકે): એવોર્ડ વિજેતા નાટ્ય કલાકાર રવિ ઉઘરેજિયા પોતાની નાટ્ય રજુઆત ''બાપુજી ની છેલ્લી ઈચ્છા'' રજુ કરશે. આ નાટક કાઠિયાવાડ (સૌરાષ્ટ્ર)ના હૃદયમાંથી ઉપજેલી કથાને રજુ કરશે. આ નાટકમાં પોતાના જીવનના સંધ્યાકાળમાં એક વૃદ્ધ માણસની કરુણ વાર્તા અને તેની અંતિમ ઈચ્છા પૂરી કરવા માટે તેના પરિવારના ઉન્મત્ત પ્રયાસોનું વર્ણન કરવામાં આવ્યું છે. આ નાટકની વાર્તાના વર્ણનમાં વણાયેલા દોહા, છંદ અને ભજનો જેવા વિવિધ લોક સંગીતના ઘટકોનો સ્વાદ શ્રોતાઓને મંત્રમુધ કરી દેશે. બહુવિધ લોકકલા સ્વરૂપોનું આ મિશ્રણ દર્શકોના અનુભવને સમૃદ્ધ બનાવવાની સાથે એક ભાવનાત્મક અસર પણ છોડશે.

અભિવ્યક્તિ - ધ સિટી આર્ટ્સ પ્રોજેક્ટઃ અભિવ્યક્તિ - ધ સિટી આર્ટ્સ પ્રોજેક્ટ એ ટોરેન્ટ ગ્રૂપના મહેતા પરિવાર સ્થાપિત UNM ફાઉન્ડેશનની એક પહેલ છે, જે સ્થાન, મર્યાદા (શારીરિક અને વ્યક્તિગત) અને સામાજિક ભેદભાવ વગર દર્શકો સુધી પહોંચાડીને કલાને સામાજિક રચનાનો એક અભિન્ન ભાગ બનાવવાનો પ્રયત્ન કરે છે. જેમાં આર્થિક ક્ષમતાના ભેદભાવ વગર તમામ સ્તરના લોકો માટે નિઃશુલ્ક પ્રવેશ છે. અભિવ્યક્તિનું વિઝન અને મિશન ઉભરતી પ્રતિભાઓની ઓળખ કરવી, તેમને સમર્થન આપવું અને તમામ શૈલીના કલાકારોને શહેરીજનો સમક્ષ પોતાની કલા રજુ કરવા માટે યોગ્ય પ્લેટફોર્મ પૂરૂં પાડવાનો છે. અભિવ્યક્તિમાં નૃત્ય, સંગીત, ચિત્ર, ફોટોગ્રાફી, ઈન્સ્ટોલેશન અને થિયેટરથી માંડીને અસંખ્ય કલા સ્વરૂપોનો સમાવેશ થાય છે. અભિવ્યક્તિનો ઉદ્દેશ્ય આંતરરાષ્ટ્રીય ગુણવત્તાયુક્ત કલાને લોકો સુધી તદ્દન નિઃશુલ્ક પહોંચાડવાનો છે. વડોદરાના કલા અને સાંસ્કૃતિક પરિદ્રશ્યમાં અભિવ્યક્તિ એક નવો અધ્યાય ખોલવા અને આગળ વધવા માટે એક તહેવારના રૂપમાં તૈયાર છે. અભિવ્યક્તિમાં નૃત્ય, સંગીત, ચિત્ર, ફોટોગ્રાફી, ઈન્સ્ટોલેશન અને નાટકથી માંડીને અસંખ્ય કલા સ્વરૂપોનો સમાવેશ થાય છે. અભિવ્યક્તિનો ઉદ્દેશ્ય આંતરરાષ્ટ્રીય ગુણવત્તાની કલાને લોકો સુધી તદ્દન નિઃશુલ્ક પહોંચાડવાનો છે, કલા પ્રેમીઓ કાર્યક્રમની રૂપરેખા અને અન્ય માહિતી માટે www.abhivyaktiart.org પર લોગ ઓન કરી શકે છે અથવા ૭૦૬૯૧૦૪૪૪૪/ ૭૦૬૯૧૦૫૫૫૫ નંબર ઉપર ફોન કરી શકે છે.

# દ્વારકાનાં ગોરીંજા ખાતે શામરાસપીર ડાડાની દરગાહે ઉર્ષનું શાનદાર આયોજન

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા. ૬

દ્વારકાનાં ગોરીંજા ગામનાં સમુદ્ર તટે આવેલ હઝરત શાહ બુખારી શામરાસપીર ઉપરાંત અમિયલશાહ પીર અને ગાંજાય પીરની દરગાહે દર વર્ષની જેમ આ વર્ષે પણ ઉર્ષ મુબારકનું સુંદર આયોજન કરવામાં આવેલ છે. તા.૧૦/૪/૨૪ ને બુધવારથી ઉર્ષનો શુભારંભ થશે.

આ દિવસે મજલીશ અને સંદલ રાખેલ છે. બીજે દિવસે તા.૧૧/૪/૨૪ ને ગુરૂવારે બપોરે ૧ વાગે સામૈયું. બપોરે ૧૨થી રાત્રે ૮ વાગ્યા સુધી આમ ન્યાજ ચાલુ રહેશે. રાત્રે ૧૦ વાગ્યાથી કવ્વાલી ભજનનાં શાનદાર કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં પ્રખ્યાત લોકગાયિકા ફરિદા મીર પોતાના સુમધુર કંઠથી ભજન કવાલી રજુ કરશે. આ ઉપરાંત લોક ગાયક ઈન્દ્રસિંહ જાડેજા અને સંગીતમય સાથીદારો ગીત સંગીતથી પોતાની કલા રજુ કરશે. ઉપરોક્ત કાર્યકમમાં સૌ કોઈ હિન્દુ-મુસ્લિમ શ્રધ્ધાળુઓને પધારવા દરગાહનાં સેવક અને કમિટીએ નિમંત્રણ પાઠવેલ છે.

# દ્વારકામાં ગૂગળી જ્ઞાતિનાં ત્રણ બ્રાહ્મણો સાથે સાડા ચાર લાખની છેતરપિંડી કરનાર આરોપી ઝડપાયો




(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા. ૬

દ્વારકામાં અનેક લોકો ધાર્મિક કાર્યો કરવા આવતા હોય છે. ત્યારે દ્વારકાનાં ત્રણ બ્રાહ્મણો જે યજમાન વૃત્તિ સાથે જોડાયા છે. તેવા ત્રણ બ્રાહ્મણ યુવાનો સાથે એક મિનેશ પિત્રોડા નામના શખ્સે ૪.૪૦ લાખ રૂપિયાની છેતરપિંડી કરી છે. જાણવા મળતી વિગતો અનુસાર આરોપી એ દ્વારકા આવી પોતાના વિદેશ રહેતા ફુવાનું અવસાન થયું હોય તેમની પાછળ ધાર્મિક કાર્યો કરવા હોય પરંતુ હાલ તેમની પાસે ભારતીય ચલણ નથી. અને પાઉન્ડમાં છે તો તે કન્વર્ટ કરતા થોડો સમય લાગશે તો આ ત્રણ બ્રાહ્મણો પાસેથી કુલ રૂા.૪.લાખ ૪૦ હજાર જેવી રોકડ રકમ લઈ તેમને પોતાના ખાતાનો ચેક આપી ચાલ્યો ગયેલ જેથી પાછળથી તે ચેક બાઉન્સ થતાં બ્રાહ્મણોને છેતરાયાની ખબર પડતાં પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. બાદમાં પોલીસે આરોપીની વિગતો મેળવી રાજકોટથી એલસીબી અને દ્વારકા પોલીસે ઝડપી પાડી ત્રણ દિવસનાં રિમાન્ડ મેળવ્યા છે. ત્યારે પોલીસે આરોપી પાસે થી હાલ રૂા.૨.લાખ ૧૧ હજાર રોકડા અને ૨૦ ચાંદીનાં સિક્કા કબ્જે કર્યા છે. અને વધુ તપાસ હાથ ધરી છે. આ રીતે દ્વારકામાં બ્રાહ્મણોને છેતરનાર હાલ પોલીસ કસ્ટડીમાં છે અને વધુ રિકવરી માટે પોલીસ આગળ કાર્યવાહી કરી રહી છે.

## • રમઝાન મુબારક •




### માનવ જીવનમાં ધર્મની ભૂમિકા

માનવી આ જગતમાં પોતાની મેળે નથી આવી ગયો, બલ્કે એક ઈશ્વર દ્વારા તેને એક ઉદ્દેશ્ય સાથે અહીં મોકલવામાં આવ્યો છે.માનવીના જીવનનો હેતુ અને તેની સફળતાના માપદંડો શું હોય તે માત્ર ઈશ્વર જ બતાવી શકે. ધર્મ માનવીને આ સત્ય જ્ઞાન આપવાનું સાધન છે. ધર્મનો ઉદ્દેશ્ય જ એ છે કે તે માનવીને જીવન જીવવાની કળા શીખવે. શું સારૂં છે અને શું નરસું છે તેનું જ્ઞાન આપે. આ જીવનમાં કયા કાર્યોથી માનવતાની સેવા થશે અને ઈશ્વર પ્રસન્ન થશે અને કયા કાર્યો માનવતા માટે નુકશાનકારક અને ઈશ્વરને અપ્રસન્ન કરનાર છે. ઉપાસના પદ્ધતિ સાથે જીવનના દરેક ક્ષેત્રમાં તેનું માર્ગદર્શન કરવું ધર્મનું જ કાર્ય છે અને જે ધર્મ આ કાર્ય નથી કરતું તે અપૂર્ણ છે. બધા ધર્મો અને વિચારધારાઓ એ આ હેતુને જ અનુલક્ષી મોક્ષ અને મુક્તિની અવધારણા રજૂ કરી છે. માનવ-ઈતિહાસ સાક્ષી છે કે કોઈને કોઈ રીતે મુક્તિ અને મોક્ષને જ માનવ સફળતાનું અંતિમ ધોરણ નક્કી કરવામાં આવ્યું છે. પરંતુ ઈતિહાસ એ પણ કહે છે કે મુક્તિ અને મોક્ષ વિષે આ બધા ધર્મો અને વિચારધારાઓમાં મતભેદ અને વિરોધાભાસ જોવા મળે છે.

- ઈસ્લામ દર્શન કેન્દ્ર- જૂનાગઢ

| | |
|---|---|
| રોઝા | - ૨૬ શનિવાર |
| ઈફતાર | - ૭ : ૦૯ |
| રોઝા | - ૨૭ રવિવાર |
| શહેરી | - ૫ : ૨૧ |

# રિલાયન્સ ડિજિટલએ જબરદસ્ત ઓફર સાથે ડિજિટલ ડિસ્કાઉન્ટ ડેઝ સેલ લોન્ચ કર્યું

## સેલ આજે તા. ૬ એપ્રિલથી શરૂ થઈને ૧૫ એપ્રિલ, ૨૦૨૪ સુધી ચાલશે અને તમામ રિલાયન્સ ડિજિટલ સ્ટોર્સ અને માય જિયો સ્ટોર્સ પર ઉપલબ્ધ છે

અમદાવાદ તા. ૬

ગ્રાહકો અગ્રણી બેંકના કાર્ડ્સ પર ૧૦% સુધીનું ઈન્સ્ટન્ટ ડિસ્કાઉન્ટ મેળવી શકે છે અથવા આ સેલ દરમિયાન ફલેક્સિબલ ઈએમઆઈ વિકલ્પો સાથે કન્ઝ્યુમર ડ્યુરેબલ લોન પર રૂ. ૧૫,૦૦૦/- સુધીનું કેશબેક મેળવી શકે છે. આ વેચાણ દરમિયાન લવચીક ઈએમઆઈ વિકલ્પો સાથે ગ્રાહક ટકાઉ લોન પર ૧૫,૦૦૦/- કેશબેક રિલાયન્સ ડિજિટલ દ્વારા તેના સૌથી મોટા ઈલેક્ટ્રોનિક્સ સેલ, 'ડિજિટલ ડિસ્કાઉન્ટ ડેઝ' પુનઃ આગમનની જાહેરાત કરવામાં આવી છે, જે ઈલેક્ટ્રોનિક્સની વિશાળ શ્રેણી પર અપ્રતિમ ડિસ્કાઉન્ટનું વચન આપે છે. ગ્રાહકો તમામ રિલાયન્સ ડિજિટલ અથવા માય જિયો સ્ટોર્સ પર આ જબરદસ્ત ઓફરનો લાભ લઈ શકે છે. ડિજિટલ ડિસ્કાઉન્ટ ડેઝ સેલ દરમિયાન ગ્રાહકો અગ્રણી બેંક કાર્ડ્સ પર ૧૦% સુધીનું ત્વરિત ડિસ્કાઉન્ટ મેળવી શકે છે અથવા કન્ઝ્યુમર ડ્યુરેબલ લોન પર રૂા. ૧૫,૦૦૦/- સુધીનું કેશબેક મેળવી શકે છે, સાથે જ ૧૫મી એપ્રિલ, ૨૦૨૪ સુધી તેમના મનપસંદ ઈલેક્ટ્રોનિક્સ પર આકર્ષક ડિસ્કાઉન્ટ પણ મેળવી શકે છે. રિલાયન્સ ડિજિટલ ફલેક્સિબલ ઈએમઆઈ વિકલ્પો સાથે સરળ ફાઈનાન્સિંગની સુવિધાનું પણ વચન આપે છે, જે ખાતરી આપે છે કે તમારી ઈચ્છિત ટેક માત્ર પહોંચની અંદર જ નહીં પરંતુ નોંધપાત્ર રીતે સસ્તી પણ છે.

### દરેક દ્રશ્યનો ભરપૂર આનંદ લો

એવું ટીવી લઈ આવો જે જોરદાર ડિસ્કાઉન્ટ સાથે તમારા જોવાના અનુભવને બિલકુલ નવું રૂપ આપે. ટીવી જોવાના ઉત્કૃષ્ટ અનુભવ માટે, LG OLED અને સેમસંગ નીઓ QLED ટીવી પર ૪૫% છૂટ મેળવો, શરૂઆત માત્ર રૂા. ૭૯,૯૯૦ થી થાય છે. માત્ર રૂા. ૧૬,૯૯૦ થી શરૂ થતા ૪૩-ઈંચના ફુલ HD ટીવી પર ૪૦% છૂટનો આનંદ માણો.

### અપગ્રેડ કરવાની તક અનલોક કરો

જો તમે હંમેશાંથી આઈફોનની ઈચ્છા રાખતા હોવ, તો આ સમય છે તેને મેળવવાનો. તમામ એપલ આઈફોન પર રૂા.૧૨,૦૦૦/- સુધીનું ડબલ એક્સચેન્જ બોનસ મેળવો. તમારા જૂના ડિવાઈસને એક્સચેન્જ કરવાની અને લેટેસ્ટ ટેકનોલોજી અપનાવવાની આ તક ગુમાવશો નહીં.

### કાર્યક્ષમતાને ફરીથી વ્યાખ્યાયિત કરો

લેપટોપ પર બેસ્ટ ડીલ સાથે નવીનતાની શક્તિનો અનુભવ કરો. M1 દ્વારા સુપરચાર્જ્ડ એપલ મેકબૂક સાથે પ્રોડક્ટિવિટીમાં વધારો કરો અને મેળવો કોસ્ટ ઈએમઆઈ સાથે ૩૩% ડિસ્કાઉન્ટ સાથે માત્ર રૂ. ૫૪/- થી શરૂ કરીને. ગેમ પ્રેમીઓ માટે, ગેમિંગ લેપટોપ્સની મોટી શ્રેણી ઓફર પર છે જે શરૂ થાય છે રૂ. ૪૯,૯૯૯/- થી. ફંક્શનાલિટી સાથે મજા માણો માત્ર રૂા. ૨૩,૯૦૦/-ની શ્રેષ્ઠ કિંમતે iPad 9th જનરેશન Wi-Fi 64GB સાથે અનંત શક્યતાઓને અનલોક કરો.

### અદ્ભુત સાઉન્ડ

ઉત્કૃષ્ટ ઓડિયો ડિવાઈસ પર અવિશ્વસનીય ડિસ્કાઉન્ટ સાથે અપ્રતિમ સાઉન્ડ ક્વોલિટીમાં ખોવાઈ ડોલ્બી એટમોસ સાઉન્ડ બાર પર ૬૫% ની છૂટનો આનંદ માણો, જેની શરૂઆત રૂ. ૧૭,૯૯૦/-. બોસ સાઉન્ડબાર ૯૦૦ પર ૩૦% ડિસ્કાઉન્ટની અજોડ ઓફર, જેની કિંમત છે રૂ. ૭૨,૯૯૦/-.

### રોજિંદા કાર્યોને બનાવો ખુશનુમાં

૧ ટન ૩-સ્ટાર ઈન્વર્ટર એસી પર પહેલા ક્યારેય ન સાંભળેલી કિંમતે કૂલ કમ્ફર્ટનો અનુભવ કરો, જે મળશે ફક્ત રૂા.૨૦,૯૯૦/માં. અમારા હાઈ-એન્ડ ૧૧ કિલો / ૭ કિલો વોશર ડ્રાયર સાથે તમારી લોન્ડ્રી ગેમને એલિવેટ કરો, કિંમત ફક્ત રૂા. ૬૧,૯૯૦/-. અમારા સાઈડ-બાય-સાઈડ રેફ્રિજરેટર્સ સાથે તમારા કરિયાણાની વસ્તુઓને હંમેશા ફ્રેશ રાખો અને ગોઠવો, ફક્ત રૂા. ૪૯,૯૯૦/-. આ અવિશ્વસનીય ડિલ્સ ચૂકી ન જશો – ફક્ત ભારતના અંતિમ ટેક ડેસ્ટિનેશન, રિલાયન્સ ડિજિટલ પર, અજોડ ગુણવત્તા અને પરવડે તેવા ભાવ સાથે, આજે જ તમારા જીવનમાં પરિવર્તન લાવો.

### તમામ ઓફર્સ અને કિંમતો પર નિયમો અને શરતો લાગુ

રિલાયન્સ ડિજિટલનો પરિચય રિલાયન્સ ડિજિટલ ૬૦૦થી વધુ મોટા ફોર્મેટ રિલાયન્સ ડિજિટલ સ્ટોર્સ અને ૧૮૦૦થી વધુ માય જિયો સ્ટોર્સ સાથે ૮૦૦ થી વધુ શહેરોમાં હાજરી ધરાવતું ભારતનું સૌથી મોટા ઈલેક્ટ્રોનિક્સ રિટેલર છે, જે દેશના દરેક ખૂણા અને ખૂણામાં ગ્રાહકોને સેવા આપે છે, જે નવીનતમ તકનીકને બધા માટે સુલભ બનાવે છે. ૩૦૦ થી વધુ આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય બ્રાન્ડ્સ અને શ્રેષ્ઠ ભાવે ૫૦૦૦ થી વધુ ઉત્પાદનો સાથે, રિલાયન્સ ડિજિટલ ગ્રાહકોને તેમની જીવનશૈલી માટે યોગ્ય તકનીકી ઉકેલ શોધવામાં મદદ કરવા માટે મોડેલોની સૌથી મોટી પસંદગી પૂરી પાડે છે. રિલાયન્સ ડિજિટલ તેના તમામ ઉત્પાદનો માટે તેની સર્વિસ શાખા રિલાયન્સ રિજિઓ સાથે વેચાણ પછીની સેવા પણ પ્રદાન કરે છે. તે ભારતની એકમાત્ર ISO-9001 પ્રમાણિત ઈલેક્ટ્રોનિક્સ સેવા બ્રાન્ડ છે જે અઠવાડિયાના સાતેય દિવસ એન્ડ ટુ એન્ડ સોલ્યુશન્સ પ્રદાન કરવા માટે તૈયાર છે. વધુ માહિતી માટે www.reliancedigital.in ની મુલાકાત લો.

# ભંડુરી ગામે જાગૃત યુવકે લગ્ન મંડપમાં બહેન બનેવીને "હેલ્મેટ" ભેટ આપ્યું



(પ્રતિનિધિ દ્વારા)

વેરાવળ તા. ૬

તાજેતમાં માળીયા હાટીના તાલુકાના ભંડુરી ગામે એક સામાન્ય પરિવારમાં લગ્ન પ્રસંગ યોજાઈ ગયો હતો. જેમાં ગામ તથા આજુબાજુ ગામમાં વિવિધ સેવાકીય પ્રવૃત્તિ સાથે જોડાયેલા જયદીપભાઈ હિરાણી એ તેના બેન હેતાલબેન ના લગ્નપ્રસંગે આવેલ જાન ને લગ્નમંડપ મધ્યે જ બહેન બનેવી ને"હેલ્મેટ"ભેટ આપી અને જાગૃતિનો સંદેશ પાઠવી સૌને આશ્ચર્ય ચકિત કરી દીધા હતા તેનું કહેવું એવું હતું કે છેલ્લા બે વરસ માં હેલ્મેટના અભાવે રોડ અકસ્માતમાં ત્રણ સ્વજન ગુમાવ્યા છે. સરકારશ્રીની જાગૃતતા સાથે દરેક સમાજ અને પરિવારે પણ જાગૃત બનવાની જરૂર છે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાતે ઓસ્ટ્રેલિયાના હાઇકમિશનર ફિલિપ ગ્રીન અને મુંબઈ સ્થિત ઓસ્ટ્રેલિયન કોન્સ્યુલેટ જનરલ પોલ મર્ફી








ગાંધીનગર તા.૬
મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાત ઓસ્ટ્રેલિયાના હાઈકમિશનર ફિલિપ ગ્રીન તેમજ મુંબઈ સ્થિત ઓસ્ટ્રેલિયન કોન્સ્યુલેટ જનરલ પોલ મર્ફી અને પ્રતિનિધિ મંડળે ગાંધીનગરમાં લીધી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતમાં આ પ્રતિનિધિ મંડળને આવકારવા સાથે તાજેતરની વાઈબ્રન્ટ સમિટમાં ઓસ્ટ્રેલિયન ડેલીગેશન્સના મળેલા વ્યાપક સહયોગની પ્રશંસા કરી હતી.

આ સૌજન્ય મુલાકાત બેઠક દરમિયાન ઓસ્ટ્રેલિયા-ભારત-ગુજરાત વચ્ચે રિન્યુએબલ એનર્જી, સોલાર રૂફટોપ અને ક્રિટીકલ મિનરલ્સ-લિથિયમ બેટરી સ્ટોરેજના ઉત્પાદન અંગે સહયોગની સંભાવનાઓ સંદર્ભમાં વિચાર-વિમર્શ કરવામાં આવ્યો હતો.

ઓસ્ટ્રેલિયન હાઈકમિશનરે આ સંદર્ભમાં કહ્યું કે, ઓસ્ટ્રેલિયા રિન્યુઅલ એનર્જી અને ખાસ કરીને ક્રિટીકલ મિનરલ્સ-લિથિયમના ઉત્પાદનમાં વિશ્વમાં અગ્રેસર અને એકસપર્ટીઝ ધરાવતો દેશ છે તેની તજજ્ઞતાનો લાભ ભારત અને ગુજરાતને તેઓ આપવા ઈચ્છુક છે.

આ ઉપરાંત લોજિસ્ટીકસ સપ્લાય ચેઈનનો પણ ભારત અને ગુજરાતના સાહસો હિસ્સો બની શકે તે અંગે પણ ચર્ચા કરી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પણ સોલર રૂફટોપ અને લિથિયમ બેટરી સ્ટોરેજના સેકટરમાં ગુજરાતમાં રહેલી સંભાવનાઓથી તેમને માહિતગાર કર્યા હતા. તેમણે બેટરી સ્ટોરેજની કોમર્શિયલ વાયેબિલિટી વિશે જાણવામાં પણ રસ દર્શાવ્યો હતો.

ગુજરાતમાં સોલાર રૂફટોપ ઉત્પાદન માટે જે બેન્કિંગ ઓફ પાવર સિસ્ટમ છે તેની પણ મુખ્યમંત્રીએ ઓસ્ટ્રેલિયન હાઈકમિશનરને વિગતો આપી હતી.

ગુજરાતમાં કચ્છમાં વિશાળ હાઈબ્રીડ રિન્યુએબલ એનર્જી પાર્ક આકાર પામી રહ્યો છે તેની વિગતો પણ મુખ્યમંત્રીએ આપી હતી.

ઓસ્ટ્રેલિયા ડિમાન્ડ-સપ્લાય બેલેન્સ અને પંપ સ્ટોરેજમાં જે તજજ્ઞતા ધરાવે છે તેનો લાભ ગુજરાતને મળે તે માટેની સંભાવનાઓ ચકાસવા અંગે પણ આ બેઠકમાં ફળદાયી પરામર્શ હાથ ધરાયો હતો.

મુખ્યમંત્રીએ આગામી ઓલમ્પિકસનું આયોજન અમદાવાદમાં ૨૦૩૬માં થવાનું છે તે સંદર્ભમાં ઓસ્ટ્રેલિયાના સિડની અને બ્રિસબેનમાં આવી ઓલિમ્પિક્સ રમતો માટેના સ્ટેડિયમ, રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, એકોમોડેશન વગેરેનો રમતોત્સવ પૂર્ણ થયા બાદ સ્માર્ટ અને સસ્ટેઈનેબલ યુસેજ કઈ રીતે થાય છે તે વિશે જણાવામાં ઉંડો રસ દાખવી તેના ગુજરાતમાં પણ વિનિયોગ અંગે ગહન ચર્ચા-વિમર્શ કર્યા હતા.

ઓસ્ટ્રેલિયન હાઈકમિશનરે સ્પોર્ટ્સ સેકટરમાં પણ કો-ઓપરેશનની તકો રહેલી છે તેની જાણકારી આપી હતી. તેમણે ગિફ્ટસિટીમાં કાર્યરત ઓસ્ટ્રેલિયાની ડીકેન યુનિવર્સિટીના અભ્યાસક્રમો અને અન્ય બાબતોની પણ આ બેઠક દરમિયાન ચર્ચાઓ કરી હતી.

એટલું જ નહીં આગામી સમયમાં વધુ બે યુનિવર્સિટી પણ અહી આવશે તેવી સંભાવના તેમણે વ્યક્ત કરી હતી.

યુત ફિલિપ ગ્રીને કહ્યું કે, તેઓ તેમના કાર્યકાળના છ માસમાં તેઓ પાંચ વાર અમદાવાદ-ગુજરાતની મુલાકાતે આવ્યા છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથેની આ સૌજન્ય મુલાકાત બેઠકમાં મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ પંકજ જોષી, ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ એસ.જે.હૈદર અને ઉદ્યોગ-ઉર્જા વિભાગના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## લાંચ લેતા ઝડપાયેલા જૂનાગઢના જીએસટી અધિકારી ૩ દિવસનાં રિમાન્ડ ઉપર પુછપરછ હાથ ધરાઈ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)
જૂનાગઢ તા.૬
જૂનાગઢમાં લાંચ લેતા ઝડપાયેલ જીએસટી અધિકારીને ૩ દિવસના રિમાન્ડ ઉપર મેળવવામાં આવ્યા છે.

ગુરૂવારે શહેરમાં સરદાર બાગ બહુમાળી ભવન સ્થિત જીએસટી કચેરી ખાતે એસીબીના સ્ટાફે ટ્રેપ ગોઠવીને એલયુટી(લેટર ઓફ અન્ડર ટેકિંગ) સર્ટિફિકેટ મુદે આસિસ્ટન્ટ કમિશ્નર વલ્લભભાઈ ભીખાભાઈ પટેલીયાને જાગૃત નાગરિક પાસેથી રૂપિયા ૧૨,૦૦૦ની લાંચ સ્વીકારતા ઝડપી લઈ તેમના વિરૂદ્ધ કાર્યવાહી કરી ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. અને શહેરમાં મીરાનગર વિસ્તારમાં આવેલ વલ્લભ પટેલીયાના નિવાસ સ્થાન ઉપર સર્ચ કરવામાં આવ્યું હતું. ઝડતીની આ કાર્યવાહી દરમ્યાન અન્ય કંઈ મળી આવ્યું ન હતું. દરમ્યાન આ અંગેની વધુ તપાસ સુરેન્દ્રનગર એસીબીના પીઆઈ એમ. એ. પટેલને સોંપવામાં આવતા તેઓએ શુક્રવારે બપોર બાદ જીએસટી અધિકારીને ત્રણ દિવસના રિમાન્ડની માંગણી સાથે કોર્ટમાં રજૂ કર્યા હતા. અદાલતે ૩ દિવસના રિમાન્ડ મંજૂર કરતા આરોપી જીએસટી અધિકારીને સાથે રાખી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે. રૂપિયા ૧૨,૦૦૦ની લાંચ લેતા રંગે હાથ ઝડપાયેલા જીએસટી આસિસ્ટન્ટ કમિશ્નર વલ્લભભાઈ પટેલીયા નિવૃત્તિના આરે હતા. નોકરીમાંથી નિવૃત્ત થવાના આડે માત્ર ૬૦ દિવસ જ બાકી હતા. તે પહેલા તેઓ લાંચ લેતા ઝડપાઈ જતાં ચકચાર મચી ગઈ હતી.

## જૂનાગઢમાં ભાજપના ૪૫માં સ્થાપના દિન નિમિતે યુવા મોર્ચા દ્વારા બાઈક રેલી યોજાશે

(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા.૬
આજે ભારતીય જનતા પાર્ટીનો સ્થાપના દિવસ છે અને આ સ્થાપના દિન નિમિતે જૂનાગઢ સહિત દેશભરમાં વિવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહેલ છે. સ્થાપના કાળથી લઈ અને છેલ્લા ૪૪ વર્ષોમાં કળીમાંથી ફુલ અને ફુલમાંથી આખું ઉપવન બની ગયો છે તેવા ભાજપની શાખાઓ હવે ચોમોરે વિસ્તરી ગઈ છે. આજે ભારતીય જનતા પાર્ટીના સ્થાપના દિન નિમિતે વિવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. ત્યારે જૂનાગઢ શહેરમાં ભારતીય જનતા પાર્ટીના સ્થાપના દિન નિમિતે યુવા મોર્ચા દ્વારા બાઈક રેલી યોજવામાં આવનાર છે. લોકસભા મધ્યસ્થ કાર્યાલય નાની દાણાપીઠ સોસાયટી, કોલેજ રોડ ખાતેથી આજે સાંજના ૫:૩૦ કલાકે આ બાઈક રેલી યોજાશે. કોલેજ રોડ, સરદાર ચોક, કાળવા ચોક, ડો.આંબેડકરજીની પ્રતિમા, એમજી રોડ, આઝાદ ચોક, ચીતાખાના ચોક, ગાંધીચોક, બસ સ્ટેશન અને ઝાંસીની રાણી સર્કલ સુધી આ રેલી યોજાશે તેમ એક યાદીમાં જણાવેલ છે.

## સોરઠીયા આહિર ભાદરકા પરીવારનો નવચંડી યજ્ઞ ૧૮ એપ્રીલે યોજાશે



(પ્રકાશ ભાદરકા દ્વારા)
જૂનાગઢ તા.૬
સોરઠીયા આહિર ભાદરકા પરીવાર દ્વારા શ્રી ખોડીયાર માતાજીની અસીમ કૃપાથી ભાદરકા પરીવાર દ્વારા નવચંડી યજ્ઞનું સંવત ૨૦૮૦ ચૈત્ર સુદ-૧૦ને ગુરૂવાર તા. ૧૮-૪-૨૦૨૪ના રોજ શ્રી ખોડીયાર માતાજી મંદિર (મઢ) સુખપુર મુકામે આયોજન કરવામાં આવેલ છે. આ ધાર્મિક પ્રસંગે નવચંડી યજ્ઞનો પ્રારંભ સવારે ૬.૩૦ કલો, ભોજન પ્રસાદ બપોરનાં ૧૨ થી ૧, બીડુ હોમાત્મક બપોરે ૧ થી ૨ દરમ્યાન કરવામાં આવશે. યજ્ઞમાં બેસનાર યજમાન દંપતિએ સવારે ૬.૧૫ સુધીમાં આવી જવું સાથે ધોતિયું, ઉપરણી, ચુંદડી લાવવાનાં રહેશે. યજ્ઞમાં બેસવા માટે પાટલાની નોંધ તા. ૧૦-૪-૨૦૨૪ સુધીમાં જે તે ગામનાં ટ્રસ્ટીને કરાવવાની રહેશે. હવનમાં આવો ત્યારે દાનપેટીની રકમ લેતા આવવા શ્રી ખોડીયાર માતાજી મંદિર (ભાદરકા પરીવાર) સુખપુર તા. વંથલી દ્વારા યાદીમાં જણાવેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે શ્રી સોરઠીયા આહિર ભાદરકા પરીવાર શ્રી ખોડીયાર માતાજી મઢ (મંદિર) સુખપુર ખાતે શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું તા. ૨૯-૪-૨૪ થી તા. ૫-૫-૨૪ દરમ્યાન આયોજન કરવામાં આવેલ છે.

## શ્રી સોરઠીયા વાળંદ જ્ઞાતિ જૂનાગઢ દ્વારા લીમ્બોચ ભવાની માતાજીનો દ્વિતીય હવન યોજાશે

**શ્રી સોરઠીયા વાળંદ જ્ઞાતિ તથા શ્રી જગન્નાથજી યુવા સંગઠન દ્વારા ભોજન પ્રસાદનું પણ આયોજન**

જૂનાગઢ તા.૬
શ્રી સોરઠીયા વાળંદ જ્ઞાતિ તથા શ્રી જગન્નાથજી યુવા સંગઠન જૂનાગઢ દ્વારા ચૈત્ર સુદ-૮ને તા. ૧૬-૪-૨૦૨૪ને મંગળવારનાં રોજ શ્રી લીમ્બોચ ભવાની માતાજીનાં દ્વિતીય હવન તેમજ જ્ઞાતિ ભોજન પ્રસાદનું આયોજન કરવામાં આવેલ છે. આ ધાર્મિક પ્રસંગ શ્રી લીમ્બોચ માતાજી હવન (શ્રી જગન્નાથજી મંદિર) ખાતે તા. ૧૬-૪-૨૪ મંગળવારનાં રોજ યોજાશે. જેમાં હવન પ્રારંભ સવારે ૭ કલાકે, બીડુ હોમવાનું મુર્હુત ૧૨.૩૦ કલાકે રાખવામાં આવેલ છે. તેમજ ભોજન પ્રસાદનું શ્રી હાટકેશ્વર મંદિર, ગંધ્રપ ફળીયા, ભોજન શાળા ૧-૨ જૂનાગઢ ખાતે આયોજન કરવામાં આવેલ છે. વધુ વિગત માટે મંત્રી રાજેન્દ્રભાઈ લાલજીભાઈ ચુડાસમા (મો. ૯૪૨૬૪ ૨૦૫૫૨)નો સંપર્ક સાધવા યાદીમાં જણાવેલ છે.

## ખંભાળિયા સહિત જિલ્લામાં 'સહપરિવાર મતદાન'નો સંદેશો પહોંચાડવા વિદ્યાર્થીઓને સંકલ્પ પત્રોનું વિતરણ

(પ્રતિનિધી દ્વારા)
જામ ખંભાળિયા, તા.૬
ખંભાળિયા સહિત દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આગામી લોકસભા સામાન્ય ચૂંટણીમાં ટર્નઆઉટ ઈમ્પલીમેન્ટેશન પ્લાન (TIP) અંતર્ગત મતદાન અંગે જાગૃતિ ફેલાવી મતદાનમાં મતદારોની સહભાગીદારીતા વધારવા તેમજ **'No Voters to be left behind'** નો હેતુ સિદ્ધ કરવા માટે જિલ્લામાં વિવિધ પ્રકારના મતદાન જાગૃતિના કાર્યક્રમો કરવામાં આવી રહ્યા છે. જેના ભાગરૂપે દેવભૂમિ દ્વારકા જિલ્લાની વિવિધ શાળાઓમાં બાળકો થકી વાલીઓને મતદાન માટે સંકલ્પબદ્ધ કરવા માટે 'હું વોટ કરીશ'ના સંકલ્પ પત્રો ભરાવવામાં આવી રહ્યા છે. વિદ્યાર્થીઓ-વાલીઓને અચૂક મતદાન કરવા માટે સંકલ્પ લેવામાં આવી રહ્યા છે. શાળાના વિદ્યાર્થીઓ મારફતે પરિવારના તમામ સભ્યો સુધી 'સહપરિવાર મતદાન'નો સંદેશો પહોંચાડવા અને મહિલા મતદાન અચૂક કરે તેવા ઉમદા હેતુથી જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા તમામ પ્રાથમિક અને માધ્યમિક શાળાના બાળકોને સંકલ્પ પત્રોનું વિતરણ કરવામાં આવે છે. જેથી બાળકનો પરિવાર અને ખાસ કરીને ઘરની મહિલા મતદાન માટે સંકલ્પબદ્ધ બને અને વધુમાં વધુ મહિલાઓ મતદાનમાં ભાગીદારી નોંધાવે તેમજ વિદ્યાર્થીઓને શાળામાં "હું અવશ્ય મતદાન કરીશ" એવા સૂત્ર સાથેના સંકલ્પ પત્રો આપી, તેમાં વાલીની સહી લઈ, લેવડાવીને પરત મેળવવામાં આવે છે, જેનો મુખ્ય ઉદેશ ભાવી મતદાર સમા બાળકો અને તેમના વાલીઓને મતદાનની નૈતિક ફરજ માટે જાગૃત કરવાનો છે. જેથી લોકશાહીની પ્રક્રિયાને વધુ સશકત બનાવી શકાય.

## ભારતીય ટીમના ઓલરાઉન્ડર ખેલાડી હાર્દિક પંડ્યા સોમનાથ મહાદેવના દર્શને



સોમનાથ મહાદેવને પૂજા સામગ્રી અર્પણ કરી, જલાભિષેક કરી સોમેશ્વર મહાપૂજા અને ધ્વજા પૂજા કરી

(પ્રતિનિધિ દ્વારા)
પ્રભાસ પાટણ, તા.૬
ભારતીય ટીમના સ્ટાર ઓલ રાઉન્ડર અને મુંબઈ ઈન્ડિયન્સ ટીમના સુકાની હાર્દિક પંડ્યાએ પ્રથમ જ્યોતિર્લિંગ દેવાધિદેવ સોમનાથ મહાદેવના દર્શન કર્યા હતા. હાર્દિક પંડ્યા એ શ્રી સોમનાથ મહાદેવને પૂજા સામગ્રી અર્પણ કરી હતી અને મહાદેવનો જલાભિષેક કર્યો હતો. આ અવસરે તેઓએ શ્રી સોમનાથ મહાદેવની સોમેશ્વર મહાપૂજા અને ધ્વજા પૂજન કર્યું હતું. આ તકે શ્રી સોમનાથ ટ્રસ્ટ તરફથી જનરલ મેનેજર વિજયસિંહ ચાવડાએ મહાદેવનું સ્મૃતિ ચિત્ર અને પ્રસાદ આપી મહાનુભાવનું અભિવાદન કર્યું હતું.

## દ્વારકા ગુગળી બ્રાહ્મણ જ્ઞાતિ કાનૂની સલાહકાર સમિતિના પ્રમુખ પ્રદીપભાઈ ઉપાધ્યાય તથા તેમની ટીમ દ્વારા પ્રશંસનીય કામગીરી

(પ્રતિનિધી દ્વારા)
દ્વારકા તા.૬
દ્વારકાધીશ જગત મંદિરમાં સેવા પૂજા અને યજમાન વૃત્તિ કરનાર શ્રી ગુગળી બ્રાહ્મણ જ્ઞાતિના ત્રણ શખ્સો સામે ૪.૫ લાખ રૂપિયાની છેતરપિંડી કરનાર આરોપી નિમેશ ઉર્ફે ભયલુભાઈ અતુલભાઈ પિત્રોડીયાને દ્વારકા પોલીસ દ્વારા પકડી અગાઉ કોર્ટમાં હાજર કરાતા એક દિવસની પોલીસ રિમાન્ડ પર રાખી આરોપીની જામીન દ્વારકા નામદાર કોર્ટે નામંજુર કરેલ છે.અગાઉ આરોપી દ્વારા ગુગ્ગુળી બ્રાહ્મણ જ્ઞાતિના યજમાનવૃત્તિ કરનારા ૩ શખ્શોને આરોપી દ્વારા છેતરપિંડી થયાની જાણ થતા ગુજરાત હાઈકોર્ટ વકીલ તેમજ જ્ઞાતિ કાનૂની સલાહકાર સમિતિ પ્રમુખ પ્રદીપભાઈ ઉપાધ્યાય, પ્રજ્ઞેશભાઈ ઠાકર,મીલીબેન ઉપાધ્યાય, સ્નેહાબેન દવે તથા ટીમ દ્વારા દ્વારકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરવા છેતરપિંડીનો ભોગ થનાર ભૂદેવોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા તેમજ આરોપીની સાબિતી માટે સી.સી.ટી.વી ફૂટેજ માટેની પણ તજવીજ હાથ ધરવામાં આવી હતી.અંતે દ્વારકા પોલીસની સરાહનીય કામગીરી દ્વારા આરોપીને પકડી દ્વારકા કોર્ટમાં હાજર કરાતા ફરિયાદી પક્ષ તરફથી પ્રદીપભાઈ ઉપાધ્યાય, પ્રજ્ઞેશભાઈ ઠાકરની ધારદાર દલીલોને દ્વારકા નામદાર કોર્ટે માન્ય રાખી આરોપીની



જામીન અરજી નામંજૂર કરી જેલને હવાલે કરેલ છે.

## ઢોર બાંધવા બાબતે ભાણવડના મહિલા ઉપર હુમલો: ચાર શખ્સો સામે ફરિયાદ

(પ્રતિનિધી દ્વારા)
જામ ખંભાળિયા, તા.૬
ભાણવડમાં મંત્રી સોસાયટી ખાતે રહેતા મોતીબેન સામતભાઈ અરશીભાઈ કાંબરીયા નામના ૪૫ વર્ષના મહિલાના કબજાની વાડીમાં આરોપી એવા મેવાસા ગામના પુંજા અરશી કાંબરીયા તેના માલઢોર બાંધતા હોય, જેથી ફરિયાદી મોતીબેનએ તેમને ના પાડતા આ બાબતનો ખાર રાખી આરોપી પૂંજા અરશી ઉપરાંત અન્ય આરોપીઓ વિમલ વજશી પિંડારિયા, વિશાલ મસરી પિંડારિયા અને ભરત લખુ પિંડારિયા નામના ચાર શખ્સોએ ફરિયાદીની વાડીના ખેતરમાં પ્રવેશ કરી, ફરિયાદી મોતીબેન તથા તેમના પુત્ર નિકુંજ સાથે બોલાચાલી કરી, ઝઘડો કર્યો હતો. આટલું જ નહીં, આરોપીઓ દ્વારા લાકડાના ધોકા વડે હુમલો કરી, ઈજાઓ પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હોવાનું ખુલવા પામ્યું છે.

## વેરાવળમાં હોમગાર્ડઝ જવાને મળેલ પાકીટ મુળ માલીકને પરત



(પ્રતિનિધી દ્વારા)
પ્રભાસ પાટણ તા.૬
જિલ્લા કમાન્ડન્ટ ગીર-સોમનાથ વી.એસ.ઠાકરના માર્ગદર્શન હેઠળ વેરાવળ શહેર મુકામે ફરજ બજાવતા વેરાવળ યુનિટ હોમગાર્ડઝ કે.બી.જોષી તેમજ એ.એસ.ચુડાસમાનાઓ તા.૦૫/૦૪/૨૦૨૪ ના રોજ સાંજ ના સમય પર ચોપાટી ખાતે ફરજ ઉપર હોય તે દરમીયાન મૂળ રાજસ્થાન રાજય ના અજમેર જિલ્લા કિશનગઢ તાલુકા ના રહેવાસી નિર્મલ તેજરામ ચૌધરીનાઓ ચોપાટી મુકામે ફરવા આવેલ હોય તે દરમિયાન તેઓ નું પર્સ પડી જતા વેરાવળ યુનિટ હોમગાર્ડઝ માં ફરજ બજાવતા કે.બી.જોષી નાઓ ને તેઓ નું પર્સ મળેલ જેમાં નજર કરતા રૂ.૫૦૦૦ રોકડ રકમ તેમજ અગત્ય ના અસલ ડોક્યુમેન્ટ માલુમ પડતા પર્સ ના મૂળ માલીક ને શોધી ને સોપી આપી પ્રસંશનીય કામગીરી કરેલ હોય. ત્યારે બહારગામ થી ફરવા આવેલ પર્સ ના મૂળ માલિક એ ગુજરાત પોલીસ તેમજ ગુજરાત હોમગાર્ડઝ નો આભાર માન્યો હતો.

## ખંભાળિયાની સરકારી શાળામાં બાળકોને સ્વરૂચી ભોજન અપાયું

(પ્રતિનિધી દ્વારા)
જામ ખંભાળિયા, તા.૬
ખંભાળિયા તાલુકાના કબરવિસોત્રી ગામે આવેલી સરકારી પ્રાથમિક શાળામાં તાજેતરમાં શાળાના બાળકોને સ્વ. પુષ્પાબેન મનુભાઈ સોલંકી પરિવારના સહયોગથી શાળાના શિક્ષિકા છાયાબેન ધર્મેન્દ્રભાઈ સોલંકી દ્વારા શ્રીખંડ, પુરી, સહિતની વિવિધ સ્વાદિષ્ટ ચીજવસ્તુઓ સાથેનું સ્વરુચી



ભોજન કરાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી મધુબેન ભટ્ટ પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ તકે શાળા પરિવાર વતી આચાર્ય આર.બી. ચાવડા દ્વારા આ સેવાકીય ભાવના બદલ સર્વેનો આભાર વ્યક્ત કરાયો હતો.


### ચોમાસા પહેલા અધુરી કામગીરી પૂર્ણ કરી

# વાઘેશ્વરી તળાવની ભેટ જૂનાગઢનાં નગરજનોને અર્પણ કરવા લાગણી

**આજથી ૧૮ વર્ષ પહેલા વાઘેશ્વરી તળાવને નવસાધ્ય કરવાનો ૫૧ સંસ્થાના સહયોગથી શ્રમયજ્ઞ કરનાર સત્યમ સેવા યુવક મંડળના પ્રમુખ મનસુખભાઈ વાજા દ્વારા કમિશ્નરને પાઠવાયો વિસ્તૃત પત્ર : ગુજરાત સરકારે જયારે વાઘેશ્વરી તળાવને નવસાધ્ય કરવા માટે ૧૮ કરોડની ફાળવણી કરી છે ત્યારે તે બદલ સરકારને અભિનંદન પાઠવાયા**




(ફાઈલ તસ્વીર : સત્યમ સેવા યુવક મંડળ)






(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૬

જૂનાગઢ શહેરમાં ગિરનાર દરવાજા પાસે આવેલ નવાબી સમયનું વાઘેશ્વરી તળાવનો નવસાધ્ય કરવા માટે આજથી ૧૮ વર્ષ પહેલા એટલે કે ૨૦૦૬માં સત્યમ સેવા યુવક મંડળ દ્વારા વિવિધ સંસ્થાઓના સહયોગ સાથે શ્રમયજ્ઞ કરવામાં આવેલ અને શહેરને રળીયામણાં તળાવની ભેટ આપવા પ્રયત્નશીલ બન્યા હતા. દરમ્યાન તાજેતરમાં જ ગુજરાત સરકાર દ્વારા વાઘેશ્વરી તળાવને નવસાધ્ય કરવા માટે રૂા.૧૮ કરોડ જેવી રકમની ફાળવણી કરવામાં આવી છે ત્યારે ગુજરાત સરકારનો આ બાબતે અભિનંદન પાઠવવામાં આવ્યા છે. આ સાથે વહેલી તકે જૂનાગઢમાં આવેલા વાઘેશ્વરી તળાવનો નવસાધ્ય કરવાની કામગીરી ઝડપભેર પુર્ણ કરી અને ચોમાસા પહેલા જ આ વાઘેશ્વરી તળાવ કાર્યરત કરવાની લાગણી અને માંગણી સત્યમ સેવા યુવક મંડળના પ્રમુખ મનસુખભાઈ વાજાએ વ્યકત કરી છે અને આ અંગે મહાનગરપાલિકાના કમિશ્નરને એક વિસ્તૃત પત્ર પાઠવેલ છે અને જે અંગેની નકલ અને જાણ મેયરને પણ કરવામાં આવી છે. આ પત્રમાં જૂનાગઢ શહેરમાં આવેલા વાઘેશ્વરી તળાવનો ચોમાસા પહેલા નવસાધ્ય કરી અને શહેરની જનતાના સ્વપ્રને પુરૂ કરવા રજુઆત સાથે વિનંતી કરવામાં આવી છે.

સત્યમ સેવા યુવક મંડળના પ્રમુખ મનસુખભાઈ વાજાએ મનપાના કમિશ્નરને પાઠવેલા પત્રમાં વિસ્તૃત વિગતો રજુ કરતા જણાવેલ છે કે, જૂનાગઢના ભવ્ય ભૂતકાળ સાથે વિસરાયેલું નવાબી કાળનું ગિરનાર દરવાજા પાસે આવેલ વાઘેશ્વરી તળાવ કે જેની કોઈપણ વ્યક્તિ કલ્પના પણ ન કરી શકે કે આ સ્થળે તળાવ હતું. જે રીતે નરસિંહ મહેતા સરોવર નવસાધ્ય થઈ રહ્યું છે એ જ રીતે આજથી ૧૮ વર્ષ પહેલા ૨૦૦૬માં જૂનાગઢની જાણીતી સેવાભાવી સંસ્થા સત્યમ સેવા યુવક મંડળ દ્વારા આ તળાવને નવસાધ્ય કરાય તો પાણીના તળ ઊંચા આવે અને તળ સાજા થાય જેથી કુદરતી ગિરનારના જંગલમાંથી આવતા વરસાદી પાણીનો સંગ્રહ થાય જેથી આસપાસના લોકોના ડંકી-વાવના તળ સાજા થઈ જવાના કારણે પાણીનો પ્રશ્ન હલ થઈ શકે તેમજ દેશ-વિદેશથી તથા જૂનાગઢના લોકો ફરવા આવતા સહેલાણીઓને જો તળાવમાં બોટિંગ મુકવામાં આવે તો જૂનાગઢનું એક નવા ફરવાના સ્થળ તરીકે ઉપયોગી થઈ શકે. આ વિચારને મૂર્તિમંત કરવા લગભગ એ સમયે ૫૧ જેટલી સંસ્થાઓએ કમર કસેલી અને હજારો- ટનબધ કાંપ દૂર કરી શ્રમયજ્ઞ કરેલ, જેની આગેવાની સત્યમ સેવા યુવક મંડળના પ્રમુખ મનસુખભાઈ વાજા અને તેની ટીમ તેમજ જૂનાગઢના નગરજનો દ્વારા લેવામાં આવેલ હતી. એક જમાનામાં કુદરતી સૌંદર્યથી છલકાતા તળાવમાં ભરાયેલી ગંદકી અને કાંપ કાઢી સાથે ગારને કાઢી તળાવ ઊંડું ઉતારવાનું કામ થાય તો જૂનાગઢની સુંદરતામાં વધારો થાય આ પ્રકારનો એ સમયે મ.ન.પા. જૂનાગઢને રજૂઆત કરેલ હતી. જેમાં એ સમયે હજારો ટન કાંપ, કીચડ અને ગંદકી ભરીને કચરો ઉલેચવામાં આવ્યો હતો. લગભગ ૧૫૦૦ જેટલા સ્વયંસેવકોના સહિયારા પ્રયાસોથી ખંભે-ખંભો મિલાવી શ્રમયજ્ઞ કરેલ હતો. જેમાં સંતો-મહંતો, રાજદ્વારી નેતાઓ, તબીબો, સેવાભાવી સંસ્થાઓના કાર્યકરો, પોલીસ ટ્રેનિંગ કોલેજમાં તાલીમ લઈ રહેલા ઝારખંડ રાજયના ૧૨૫ પોલીસ જવાનો હરખભેર જોડાયા હતા. શ્રમ યજ્ઞની શરૂઆત તત્કાલીન રાજયસભાના સાંસદ સૂર્યકાંતભાઈ આચાર્ય, કેન્દ્રીય મંત્રી ભાવનાબેન ચીખલીયા, જળ સંપતિ વિભાગના મંત્રી રતિભાઈ સુરેજા, જિલ્લા પોલીસ વડા ભાવસિંહ વાઘેલાએ શ્રીફળ વધેરીને શુભ શરૂઆત કરી હતી. આ સમયે ભારતી આશ્રમના મહંત શ્રી ભારતીબાપુ, પૂજ્ય શ્રી શેરનાથ બાપુ, પૂજય શ્રી તનસુખગીરી બાપુ, શ્રી દાનીરાયજી હવેલીના લાલ, સ્વામિનારાયણ ગુરૂકુળના શ્રી હરિ નારાયણ સ્વામી, સ્વામી મંદિરના શ્રી કોઠારી સ્વામી, શ્રી માધવાનંદ બાપુ, દત્ત આશ્રમના પૂજ્ય શ્રી ધીરૂ બાપુ, રૂપાયતન આશ્રમના હેમંતભાઈ નાણાવટી, કૃષિ યુનિવર્સિટીના કુલપતિ બી.કે. કિકાણી, કરમણભાઈ કટારા, લાખાભાઈ પરમાર, ડો. બકુલભાઈ બુચ, ઓધવજીભાઈ પટેલ, સમીરભાઈ જાની, ચુનીભાઈ લોઢીયા, ગીતાબેન માલમ, ડો. પંચાલ, રમેશભાઈ શેઠ, ડો.પૂર્ણેનુભાઈ બુચ, બ્રહ્મકુમારી વિદ્યાલયના દમયંતી દીદી, કે.બી. સંઘવી, અમુભાઈ પાનસુરીયા, જયેન્દ્રભાઈ જોબનપુત્રા, ભરતભાઈ રાવલ, અલ્પાબેન ઉનડકટ, નાથાભાઈ મોરી, જીતુભાઈ હિરપરા, સાબીરાબેન શેખ, કિશોરભાઈ ચોટલીયા, ધરમશીભાઈ પરમાર, રસિકભાઈ જાની, અમુદાનભાઈ ગઢવી, વસંતભાઈ રાજા, સંતોષબેન મુન્દ્રા, વિનુભાઈ રૂપારેલીયા, નારસિંહભાઈ પઢીયાર, પ્રજ્ઞાબેન આહીર, નીરૂબેન કાંબલિયા, બટુકભાઈ મકવાણા, હારૂનભાઈ વિહળ, પ્રવિણભાઈ ટાંક, પ્રજ્ઞેશભાઈ વાજા, એસ.ડી. બસરાણી, દાદુભાઈ કનારા, મુકુંદભાઈ પુરોહિત, કિશનભાઈ વ્યાસ વિગેરે નામી અનામી સંસ્થાઓ અને સમાજના શ્રેષ્ઠિઓની હાજરીમાં આ શ્રમયજ્ઞ યોજાયો હતો. આ કામગીરી લગભગ ત્રણ માસ સુધી ચાલી હતી. જેમાં સત્યમ સેવા યુવક મંડળ, જન સેવા ટ્રસ્ટ, શિવમ સંસ્થા, વૃદ્ધ નિકેતન, મયારામ દાસજી આશ્રમના વિદ્યાર્થીઓ વડાલની આઈ શ્રી ખોડીયાર મંડળ, પ્રભા વેવિશાળ ચેરીટેબલ ટ્રસ્ટ, રૂપાયતન ટ્રસ્ટ, મિનરાજ શૈક્ષણિક સંકુલ, અમરનાથ યાત્રિક મંડળ, લાયન્સ કલબ, રોટરી કલબ, જેસીઝ, વાલ્મિકી સમાજ, ધોબી સમાજ, કાંબલીયા સ્કૂલ, વાલી એ સોરઠ, ઝારખંડ પોલીસ જવાન ટીમ, જિલ્લા કાનૂની સેવા સતામંડળ, વિનાયક એજન્સી, મેંદરડા મધુવન ટ્રસ્ટ, બાર એસોસિએશન, રાજપૂત સમાજ, વૃદ્ધ નિકેતન જેવી સામાજિક અને શૈક્ષણિક સંસ્થાઓ, પત્રકાર તથા ઈલેક્ટ્રોનિક મીડિયા, પત્રકારો તથા સામયિક ન્યૂઝ પેપર આ શ્રમ યજ્ઞમાં જોડાયા હતા. વાઘેશ્વરી તળાવને નવસાધ્ય કરી ઊંડું ઉતારી રમણીય સ્થળ બનાવવા કમર કસી ત્યારે આ શ્રમયજ્ઞમાં એ સમયે તેમને સફળ બનાવવા માટે સત્યમ સેવા યુવક મંડળના પ્રમુખ મનસુખભાઈ વાજા, અરવિંદભાઈ મારડિયા, બટુકબાપુ, શાંતાબેન બેસ, કંચનબેન ટાંક, વસંતભાઈ ચુડાસમા, જગદીશભાઈ કકકડ, જેન્તીભાઈ કારીયા, ઠાકરશીભાઈ વાઘેલા, ઈન્દ્રવદનભાઈ તન્ના, મનોજભાઈ ચૌહાણ, જીવનભાઈ પાણખાણીયા, રતિભાઈ રાઠોડ, કમલેશભાઈ પંડ્યા, ભુપતભાઈ વાળા, રસિકભાઈ જાની, મનોહરસિંહ ઝાલા, કિરીટભાઈ મકવાણા, શૈલેષભાઈ આડતીયા વિગેરે સેવા ભાવિઓએ આ શ્રમ યજ્ઞનમાં પોતાનું યોગદાન આપેલ અને વાઘેશ્વરી તળાવને નવસાધ્ય કરવા ખુબજ ઉમળકાભેર જહેમત ઉઠાવવામાં આવી હતી. તાજેતરમાં જાહેર થયેલ હાલની ગુજરાત સરકાર તરફથી રૂા.૧૮ કરોડના ખર્ચની થયેલી જાહેરાત મુજબ, સત્યમ સેવા યુવક મંડળ તેમજ જૂનાગઢની જાહેર જનતાના આ અધુરા સ્વપ્રને સત્વરે પુરૂ કરવામાં આવે અને જાજરમાન જૂનાગઢને ફરીથી નવલું નજરાણું મળે અને ચોમાસા પહેલા કામ પૂર્ણ થાય તેવી કમિશ્નર તથા મેયરને વિનંતી કરવામાં આવી છે તેમ સત્યમ સેવા યુવક મંડળના પ્રમુખ મનસુખભાઈ વાજાની એક યાદીમાં જણાવેલ છે.

# માંગનાથ રોડ પર બેફામ ટ્રાફીક સમસ્યાને કારણે એક વૃધ્ધનો જીવ જોખમમાં મુકાયો

**૭૨ વર્ષનાં વૃધ્ધને હાર્ટએટેક આવતા તાત્કાલીક સારવાર આપવા જોળીમાં નાંખી લઈ જવા પડયા**





જૂનાગઢ તા. ૬

જૂનાગઢ શહેરની મુખ્ય બજાર એવી માંગનાથ રોડ પર સતત વકરી રહેલી ટ્રાફીક સમસ્યાનાં કારણે મુશ્કેલજનક પરિસ્થિતિનું નિર્માણ થતું હોય છે. જેમાં ગઈકાલે એક બનાવ એવો બન્યો હતો કે જેમાં એક વૃધ્ધને એટેક આવતા તેમને તાત્કાલીક સારવાર માટે લઈ જવાની જરૂરીયાત ઉભી થઈ હતી. વેપારીઓએ જોળીમાં નાંખીને આ વૃધ્ધને બહાર કાઢયા હતાં. એટલું જ નહીં આડેધડ પાર્કીંગનાં કારણે વેપારીઓને ૫૦૦ મીટર સુધી દોડવું પડયું હતું. આ અંગે પ્રાપ્ત વિગત અનુસાર શહેરનાં ટ્રાફીકથી ધમધમતા એવા માંગનાથ બજારમાં વલ્લભાશ્રય કોમ્પલેક્ષની સામે ૭૨ વર્ષીય ચોકીદાર પ્રેમજીભાઈ બાવાજીને ગઈકાલે સાંજે ૭.૪૫ કલાકે અચાનક છાતીમાં દુઃખાવો થતાં ૧૦૮ને કોલ કર્યો હતો. પરંતુ સાંજનાં સમયે માંગનાથ બજારમાં આડેધડ વાહન પાર્કીંગનાં લીધે આઝાદ ચોકથી પંચહાટડી ચોક સુધી ૧૦૮ અંદર આવી ન શકે તેવી સ્થિતિ સર્જાણી હતી. જેથી ૧૦૮ને વણજારી ચોકમાં અશોક ફરસાણ પાસે રાખવામાં આવેલ હતી. અને વેપારીઓએ એક સાંકળ બનાવીને જોળીમાં નાંખીને પ્રેમજીભાઈને ઉંચકીને બજારમાંથી ૫૦૦ મીટર દૂર દોડીને વણઝારી ચોક સુધી પહોંચ્યા હતાં અને ૧૦૮માં પહોંચાડયા હતાં અને તેને સારવાર માટે હોસ્પીટલ ખસેડવામાં આવ્યા હતાં. માંગનાથ વિસ્તારની ટ્રાફીક સમસ્યાને કારણે એક વ્યકિતનો જીવ જોખમમાં મુકાયો હતો. દરમ્યાન આ વિસ્તારનાં વેપારી અગ્રણીઓ જણાવે છે કે ટ્રાફીક સમસ્યા અંગે અનેકવાર રજુઆત કરવા છતાં કોઈ પરીણામ આવતું નથી. અને સાંજનાં સમયે તો એટલો બધો ટ્રાફીક રહે છે કે ચાલીને જવું પણ મુશ્કેલ બને છે. આડેધડ વાહન પાર્કીંગને કારણે ઈમરજન્સી સમયે ભારે મુશ્કેલી સર્જાય છે. માંગનાથ વિસ્તારની આ ટ્રાફીક સમસ્યા વહેલી તકે હલ થાય તેવી લાગણી અને માંગણી વ્યકત કરવામાં આવી છે.

# જૂનાગઢમાં વેપાર-ધંધા માટે લીધેલા નાણાં વ્યાજ સહિત ચુકવી દીધા હોવા છતાં ઉઘરાણી કરી ટાંટીયા ભાંગી નાખવાની ધમકી આપી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૬

જૂનાગઢ શહેરમાં બનેલા એક બનાવમાં વેપાર-ધંધા માટે લીધેલા નાણાં વ્યાજ સહિત ચુકવી દીધા હોવા છતાં ટાંટીયા ભાંગી નાખવાની ધમકી આપી અને વેપારીની દુકાને જઈ ધંધાની થયેલ રોકડ આવક બળજબરીથી પડાવી લીધી હોવાની ફરિયાદ પોલીસ દફતરે નોંધાઈ છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર, એપ્રિલ ૨૦૨૩થી આજ દિન સુધીમાં બનેલા બનાવમાં હવેલી ગલીમાં સાઈકૃપા માર્કેટમાં વિનાયક સેલ્સના નામે પરફયુમ અને સ્પ્રેની હોલસેલની દુકાન ખાતે બનેલા બનાવ અંગે તા.૫-૪-૨૦૨૪ કલાક ૨૩ઃ૧૦ વાગે ફરિયાદ નોંધવામાં આવી છે.

જે અંગે મળતી વિગત પ્રમાણે જૂનાગઢના બસ સ્ટેશન પાસે ચાણકય બી એપાર્ટમેન્ટ, બ્લોક નં-૬૦૨માં રહેતા મનસુખભાઈ ઓધવજીભાઈ રાયઠઠા (ઉ.વ.૭૧)એ નિતેષભાઈ જયંતીભાઈ અઢીયા રહે.જૂનાગઢ વાળા વિરૂધ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આ કામના ફરિયાદીના દિકરા નિનાદભાઈએ આ કામના આરોપી પાસેથી એપ્રિલ-૨૩થી વેપાર ધંધા માટે જરૂરીયાત મુજબ અલગ-અલગ તારીખે પૈસા વ્યાજે લેતા હોય જેમાં રૂપીયા ૫૦,૦૦૦ તેમજ રૂપીયા ૧,૦૦,૦૦૦ માસીક વ્યાજ રૂપીયા ૮ ટકા થી ૧૦ ટકા વ્યાજે લીધેલ હોય જે પૈસા ફરિયાદીના દિકરાએ આ કામના આરોપીને વ્યાજ સહિત પરત આપી દીધેલ હોય અને આ કામના આરોપી પાસે નાણાંધિરધારનું લાયસન્સ ન હોવા છતાં પૈસા વ્યાજે આપી અવાર-નવાર મુળ રકમ તથા વ્યાજની પઠાણી-ઉઘરાણી કરી ફરિયાદીના દિકરાને ટાંટીયા ભાંગી નાખવાની ધમકી આપી ફરિયાદીના દિકરાની દુકાને જઈ વેપાર-ધંધાની થયેલ રોકડ આવક બળજબરીથી પડાવી લઈ ગુનો કર્યા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાવતા પોલીસે આરોપી વિરૂધ્ધ કલમ ૩૮૫, ૫૦૬(૧), ગુજરાત નાણાંધિરધાર અધિનીયમની કલમ ૫, ૩૩, ૪૨(એ), ૪૨(ડી) અંતર્ગત ગુનો દાખલ કરેલ છે. આ બનાવની વધુ તપાસ એ ડીવીઝન પોલીસ સ્ટેશનના પીએસઆઈ વી.એલ. લગધીર ચલાવી રહ્યા છે.

